

RNI No. GUJGUJ/2016/70752
NAVSARJAN SANSKRUTI

# નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ
અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 10
Issue : 147
Dt.: 03-04-2026,
Friday
Page:04
Rs.00.50 paisa

### મમતા બેનર્જીના ગઢમાં અમિત શાહે કહ્યું

# આ વખતે દીદીની વિદાય નક્કી, હું બોરિયા બિસ્તરા સાથે ૧૫ દિવસ અહીં જ છું

## અમિત શાહે કોલકાતાના ભવાનીપુર મતવિસ્તારમાં એક રોડ શો દરમિયાન મમતા બેનર્જીને નિશાને લીધા હતા



(સંપૂર્ણ સમાચાર સેવા)કોલકાતા

પશ્ચિમ બંગાળ વિધાનસભાની ચૂંટણી આ વખતે ભાજપ વિરુદ્ધ ટીએમસીની હોય તેવુ લાગી રહ્યું છે. ૨૦૨૬ની ચૂંટણી જીતવા માટે ભાજપે પશ્ચિમ બંગાળની સુકાન ભાજપના ચાણક્ય કહેવાતા અમિત શાહને સોંપી દીધી હતી. અમિત શાહે પણ અવારનવાર પશ્ચિમ બંગાળની મુલાકાત લઈને કોઈને કોઈ મુદ્દે મમતા દીદીને ઘેરવાનો પ્રયાસ કર્યો હતો. આજે ગુરુવારને ૨ એપ્રિલના રોજ, ભાજપના ઉમેદવાર સુવેન્દ્ર અધિકારીની ઉમેદવારી પત્ર ભરતા પહેલા ભવાનીપુરામાં જાહેરસભાને અમિત શાહે સંબોધી હતી. આ જાહેરસભમાં અમિત શાહે કહ્યું કે, આ ચૂંટણીમાં મમતા દીદીની વિદાય નક્કી છે. હુ બોરિયા બિસ્તરા સાથે ૧૫ દિવસ પશ્ચિમ બંગાળમાં જ રહેવાનો છું. હવે તે સમગ્ર પશ્ચિમ બંગાળની જનતા કહી રહી છે કે, મમતા દીદીને વિદાય આપો.

અમિત શાહે પોતાની આગવી શૈલીમાં ભવાનીપુર ખાતે જાહેરસભાને સંબોધતા કહ્યું: "બંગાળ રાજ્યમાં પરિવર્તન લાવવાની શક્તિ હવે તમારા હાથમાં છે. મારી પાસે તમારા માટે એક શોર્ટકટ છે. જો ભવાનીપુરના લોકો આ એક બેઠક પર ભાજપના ઉમેદવાર સુવેન્દુ અધિકારીને વિજયી બનાવે, તો બાકીના બંગાળમાં આપોઆપ પરિવર્તન થઈ જશે.

અમિત શાહે વધુમાં કહ્યું કે,સુવેન્દુ-દા શરૂઆતમાં નંદીગ્રામથી વિધાનસભાની ચૂંટણી લડવા માંગતા હતા. જોકે, મેં તેમને કહ્યું હતું કે તેમણે ફક્ત નંદીગ્રામથી જ ચૂંટણી લડવી જોઈએ નહીં બલ્કે, તેમણે મમતા બેનર્જીના પોતાના ગઢ ગણાતા ગૃહક્ષેત્ર ભવાનીપુરમા જવું જોઈએ અને ત્યાં દીદીને હરાવવા જોઈએ.

અમિત શાહે ટિપ્પણી કરી હતી કે, ૨૦૨૧ માં પાછલી ચૂંટણીઓમાં મમતા બેનર્જી બંગાળમાં સરકાર બનાવવામાં સફળ રહી હતી, પરંતુ તેમને નંદીગ્રામમાં સુવેન્દુ અધિકારી સામે વ્યક્તિગત હારનો સામનો કરવો પડ્યો હતો. "આ વખતે," શાહે ભારપૂર્વક જણાવ્યું હતુ કે, "મમતા બેનર્જીને ફક્ત બંગાળમાં જ નહીં પરંતુ ભવાનીપુરમાં પણ હારનો સામનો કરવો પડશે.

અમિત શાહે એવી પણ જાહેરાત કરી હતી કે, મમતા દીદીની વિદાય માટે તેઓ બોરિયા બિસ્તરા બાંધીને પશ્ચિમ બંગાળ આવ્યા છે. આગામી ૧૫ દિવસ સુધી એટલે કે, ચૂંટણી સમયગાળા દરમિયાન પશ્ચિમ બંગાળમાં જ રહેવાના છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં, અહીં ભાજપની સરકાર બનાવવી જ જોઈએ. શાહે ભારપૂર્વક જણાવ્યું હતું કે એકવાર ભાજપ સરકાર સ્થાપિત થઈ જશે, પછી પશ્ચિમ બંગાળને અડીને આવેલી આંતરરાષ્ટ્રીય સરહદો સંપૂર્ણપણે સીલ કરી દેવામાં આવશે અને ઘુસણખોરોને બંગાળ અને દેશભરમાંથી એક પછી એક ઓળખીને હાંકી કાઢવામાં આવશે.

### લોકસભામાં કેન્દ્રીય ઉર્જા મંત્રીએ કરી જાહેરાત

# સ્માર્ટ પ્રીપેડ વીજળી મીટર ફરજીયાત નહીં, કેન્દ્રિય ઉર્જા મંત્રીની સ્પષ્ટતા

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

લાંબા સમયથી દેશના ઘણા રાજ્યોમાં સ્માર્ટ પ્રી-પેડ વીજળી મીટરને લઈને હંગામો થઈ રહ્યો છે. લોકોનું કહેવું છે કે સ્માર્ટ મીટર સરકાર થોપી રહી છે. ઘણા લોકોએ દાવો કર્યો કે સ્માર્ટ મીટર લગાવ્યા બાદ તેનું બિલ વધુ આવી રહ્યું છે. હવે સરકારે સ્માર્ટ વીજળી મીટરના યુઝર્સને મોટી રાહત આપી છે. દેશભરમાં સ્માર્ટ વીજળી મીટરને લઈને ચાલી રહેલી ચર્ચાઓ વચ્ચે કેન્દ્ર સરકારે મોટું સ્પષ્ટીકરણ આપ્યું છે. કેન્દ્રીય ઉર્જા મંત્રી મનોહર લાલ ખટ્ટરે લોકસભામાં કહ્યુ કે પ્રીપેડ સ્માર્ટ ઈલેક્ટ્રિક મીટર બધા ગ્રાહકો માટે ફરજીયાત નથી.

લોકસભામાં પ્રશ્નકાળ દરમિયાન પૂરક સવાલોનો જવાબ આપતા તેમણે આ જાણકારી આપી, જેમાં સામાન્ય ઉપભોક્તાઓને મોટી રાહત મળી છે. તાજેતરમાં તેવી આશંકા વ્યકત કરવામાં આવી રહી હતી કે સરકાર બધા ઘરોમાં પ્રીપેડ સ્માર્ટ મીટર લગાવવું ફરજીયાત કરી શકે છે.

કેન્દ્રીય ઉર્જા મંત્રી મનોહર લાલ ખટ્ટરે સ્પષ્ટ કરી દીધું કે ગ્રાહકોને પ્રીપેડ સ્માર્ટ મીટર અપનાવવા માટે મજબૂર કરવામાં આવશે નહીં. આ સંપૂર્ણ રીતે વૈકલ્પિક છે અને ગ્રાહકો પોતાની સુવિધા અનુસાર પસંદગી કરી શકે છે. તેમણે તે પણ જણાવ્યું કે સ્માર્ટ મીટર અપનાવવાથી ગ્રાહકો, રાજ્યો અને વીજળી વિતરણ કંપનીઓ બધાને ફાયદો થઈ શકે છે.

સરકાર અનુસાર પ્રીપેડ સ્માર્ટ મીટર વીજળી ઉપભોગને વધુ પારદર્શી અને નિયંત્રિત બનાવે છે. તેનાથી ગ્રાહકો પહેલાથી રિચાર્જ કરી વીજળીનો ઉપયોગ કરી શકે છે, જેનાથી બિનજરૂરી ખર્ચ પર નિયંત્રણ રહે છે. આ સિવાય બિલિંગમાં ગડબડીની સંભાવના ઓછી રહે છે અને રિયલ ટાઈમમાં વીજળી વપરાશની જાણકારી મળે છે. વીજળી કંપનીઓ માટે પણ આ સિસ્ટમ ફાયદાકારક છે, કારણ કે તેનાથી બાકી બિલની સમસ્યા ઓછી થાય છે અને રેવેન્યુમાં સુધાર થાય છે.

સ્માર્ટ મીટરને લઈને ગુજરાતના અનેક શહેરોમાં વિરોધ થઈ ચૂક્યો છે. લોકોએ સ્માર્ટ મીટર બાદ લાઈટ બિલ વધુ આવવાના આરોપ લગાવ્યા હતા. આ સિવાય વીજ કંપનીઓ સામે લોકોએ વિરોધ પ્રદર્શન પણ કર્યા હતા. વડોદરા જેવા શહેરોમાં પણ સ્માર્ટ મીટરના મુદ્દે બબાલ જોવા મળી હતી. તેવામાં કેન્દ્ર સરકારનો આ નિર્ણય લોકોને રાહત અપાવી શકે છે.

આ જાહેરાત બાદ હવે તે સ્પષ્ટ થઈ ગયું છે કે ગ્રાહકોની પાસે વિકલ્પ રહેશે. ગ્રાહકો ઈચ્છે તો પરંપરાગત મીટરનો ઉપયોગ યથાવત રાખી શકે છે કે પછી સ્માર્ટ મીટર અપનાવી શકે છે. આ નિર્ણય ગ્રાહકોની જરૂરિયાત, બજેટ અને સુવિધા પર નિર્ભર કરશે.

### મહિલા અનામત બિલ પસાર થવાની શક્યતા

# ૧૬થી ૧૮મી એપ્રિલ સુધી સંસદનું વિશેષ સત્ર યોજાશે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

બજેટ સત્રના સમાપન વચ્ચે સરકારે એક મોટું પગલું ભરતાં સંસદની બેઠકોને અનિશ્ચિતકાળ માટે સ્થગિત ન કરવાનો નિર્ણય લીધો છે. તેના બદલે, ૧૬, ૧૭ અને ૧૮ એપ્રિલના રોજ એક વિશેષ સત્ર બોલાવવામાં આવશે, જેનો ઉદ્દેશ્ય મહિલા અનામત લાગુ કરવામાં આવી રહેલા અવરોધોને દૂર કરવાનો અને સુધારા વિધેયકો પસાર કરવાનો છે. સંસદનું બજેટ સત્ર આજ ગુરુવારેથી અનિશ્ચિતકાળ માટે સ્થગિત કરવામાં આવે તેવી શક્યતા નથી. સરકાર મહિલા અનામતને લાગુ કરવાની સાથે લોકસભાની બેઠકોની સંખ્યા વધારીને ૮૧૬ કરવા માટે એક બિલ લાવવાની પેરવીમાં છે જે માટે એપ્રિલના ત્રીજા સપ્તાહમાં ૧૬, ૧૭ અને ૧૮ એપ્રિલ માટે ફરીથી સત્ર બોલાવવાની યોજના બનાવી છે. આ વર્ષે ૨૮ જાન્યુઆરીએ શરૂ થયેલું બજેટ સત્ર ૨ એપ્રિલે સમાપ્ત થવાનું હતું, પરંતુ હવે સરકાર તેને થોડા દિવસો બાદ બે-ત્રણ દિવસ વધુ લંબાવવા પર વિચાર કર્યો છે. સરકારનું માનવું છે કે ગુરુવારે લોકસભા અધ્યક્ષ અને રાજ્યસભાના સભાપતિ સંબંધિત ગૃહોને સ્થગિત કરી શકે છે અને આગામી બેઠક માટે એક નિશ્ચિત તારીખની જાહેરાત કરી શકે છે. આ લંબાવવામાં આવેલા સમયગાળા દરમિયાન, સરકાર દ્વારા બંધારણીય સુધારા વિધેયક રજૂ કરવામાં આવે તેવી શક્યતા છે, જેના દ્વારા નારી શક્તિ વંદન અધિનિયમમાં સુધારો કરવામાં આવશે. મહત્ત્વનું છે કે લોકસભા અને રાજ્યની વિધાનસભામાં મહિલાઓને ૩૩ ટકા અનામત આપવાની જોગવાઈ માટે ૨૦૨૩માં બંધારણીય સુધારા વિધેયક (નારી શક્તિ વંદન વિધેયક) પસાર કરવામાં આવ્યું હતું, જો કે તેનો અમલ સીમાંકનની પ્રક્રિયા બાદ જ થઈ શકે તેમ છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, જે રૂપરેખા પર ચર્ચા ચાલી રહી છે તે મુજબ લોકસભાની બેઠકોની સંખ્યા વર્તમાન ૫૪૩થી વધીને ૮૧૬ થઈ જશે, જેમાં ૨૭૩ બેઠકો મહિલાઓ માટે અનામત રાખવામાં આવશે.

### મમતા સરકાર પર અચાનક ભડક્યા CJI

# કોર્ટે બંગાળને દેશનું સૌથી વધુ ધ્રુવીકૃત રાજ્ય ગણાવ્યું

## બંધક બનાવાયેલા ન્યાયિક અધિકારીનો ૫ વર્ષનો બાળક ઘરે એકલો હતો, છતાં પ્રશાસન નિષ્ક્રિય હતુંઃ કોર્ટ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

પશ્ચિમ બંગાળમાં મતદાર યાદીના વિવાદને પગલે સાત ન્યાયિક અધિકારીઓને બંધક બનાવવાની ઘટનાના પડઘા હવે સુપ્રીમ કોર્ટમાં પડ્યા છે. ચીફ જસ્ટિસ સૂર્યકાંતે આ ઘટનાને શરમજનક ગણાવતાં કહ્યું કે, જ્યારે તેમણે મોડી રાત્રે કડક આદેશ આપ્યો ત્યારે જ રાજ્યનું વહીવટીતંત્ર હરકતમાં આવ્યું હતું.

સુનાવણી દરમિયાન ચીફ જસ્ટિસે પશ્ચિમ બંગાળના ઍડ્વૉકેટ જનરલને સંબોધતાં અત્યંત કડક શબ્દોનો ઉપયોગ કર્યો હતો. CJIએ ખુલાસો કર્યો કે, હું રાત્રે ૨ વાગ્યા સુધી નજર રાખી રહ્યો હતો. બંધક બનાવાયેલા ન્યાયિક અધિકારીનો ૫ વર્ષનો બાળક ઘરે એકલો હતો, છતાં પ્રશાસન નિષ્ક્રિય હતું. કોર્ટે બંગાળને દેશનું સૌથી વધુ ધ્રુવીકૃત રાજ્ય ગણાવ્યું અને કહ્યું કે અહીં દરેક વસ્તુને રાજકીય ચશ્માથી જોવામાં આવે છે. અદાલતે આ ઘટનાને પૂર્વ આયોજિત ગણાવી હતી, જેનો હેતુ ચૂંટણી પ્રક્રિયામાં રોકાયેલા અધિકારીઓનું મનોબળ તોડવાનો હતો.

કોર્ટે નોંધ્યું કે, જ્યારે હિંસા થઈ રહી હતી ત્યારે ન તો જિલ્લા મેજિસ્ટ્રેટ કે ન તો એસપી ઘટનાસ્થળે પહોંચ્યા હતા. કલકત્તા હાઈકોર્ટના ચીફ જસ્ટિસે પત્ર લખીને જાણ કરવી પડી અને અંતે ડીજીપી અને ગૃહ સચિવને બોલાવવા પડ્યા હતા. સુપ્રીમ કોર્ટે મુખ્ય સચિવ અને ડીજીપીના આચરણને સદંતર નિંદનીય ગણાવ્યું છે. પશ્ચિમ બંગાળમાં વિધાનસભા ચૂંટણી પહેલા S.I.R. (Special Intensive Revision) પ્રક્રિયા પૂર્ણ થયા બાદ વિપક્ષોએ આરોપ લગાવ્યો છે કે મોટા પાયે મતદારોના નામ યાદીમાંથી કાઢી નાખવામાં આવ્યા છે. આ મુદ્દે માલદાના કાલિયાચક-II BDO ઑફિસમાં અધિકારીઓને ઘેરી લેવામાં આવ્યા હતા.

ભાજપ આઈટી સેલના અમિત માલવીયાએ સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને દાવો કર્યો કે, નેશનલ હાઈવે-૧૨ જામ કરી દેવાયો હતો અને ઉત્તર-દક્ષિણ બંગાળનો સંપર્ક કપાઈ ગયો હતો. ત્રણ મહિલાઓ સહિત સાત અધિકારીઓ અંદર ફસાયેલા હતા અને સ્થાનિક પોલીસ મૂકપ્રેક્ષક બની રહી હતી.પશ્ચિમ બંગાળમાં ૨૩ અને ૨૯ એપ્રિલે મતદાન થવાનું છે. આ સંજોગોમાં ન્યાયિક અધિકારીઓ પરના હુમલા અને સુપ્રીમ કોર્ટની ફટકાર બાદ ચૂંટણી પંચ સુરક્ષા વ્યવસ્થામાં મોટા ફેરફાર કરે તેવી શક્યતા છે.

### મિડલ ઈસ્ટમાં હાહાકાર મચી ગયો

# અમેરિકાએ ઈરાનની શાન ગણાતો B1 બ્રીજ તોડી નાખ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)તેહરાન

**બ્રીડ ધરાશાયી થતા ૪૦૦ મિલિયન ડોલર એટલે કે લગભગ ૩૩૦૦ કરોડ રૂપિયાનું નુકસાન થયું છે**



અમેરિકા અને ઈઝરાયેલે મળીને ઈરાનના એ ગર્વને માટીમાં મિલાવી દીધું છે, જેને તેમના વિકાસનો સૌથી મોટો પુરાવો માનવામાં આવતો હતો. તેહરાન અને કરબ જેવા બે મોટા શહેરોને જોડતો રણનીતિક મ્1 બ્રીજ પર એરસ્ટ્રાઈક કરી છે. જે બાદ આ પૂલ વચ્ચેથી તૂટી ગયો છે. આ હુમલો એટલો સટીક અને ઘાતક હતો કે તેનાથી આખી દુનિયા ચોંકી ગઈ. લગભગ ૪૦૦ મિલિયન ડોલરના ખર્ચાથી બનેલા આ પૂલ ખાલી વાહનવ્યવહાર માટે જ નહીં પણ ઈરાનની એન્જિનિયરિંગ અને તેની મજબૂતીનું પ્રતીક હતું. આ તબાહીએ ન ફક્ત ઈરાનના ઈન્ફ્રાસ્ટ્રક્ચરને તોડ્યું છે, પણ તેના આત્મવિશ્વાસ પર પણ ઘા કર્યો છે. અમેરિકા અને ઈઝરાયલની જોડીએ ઈરાનના સૌથી સુરક્ષિત ગણાતા વિસ્તારમાં ઘૂસીને હુમલો કર્યો છે. આ હુમલામાં વ્યૂહાત્મક રીતે ખૂબ જ મહત્વપૂર્ણ મ્1 બ્રિજને સંપૂર્ણપણે ધરાશાયી કરી દેવામાં આવ્યો છે અને ૪૦૦ મિલિયન ડોલર એટલે કે લગભગ ૩૩૦૦ કરોડ રૂપિયાનું નુકસાન થયું છે. આ પુલ બનાવવામાં ઈરાને પાણીની જેમ પૈસા વહાવ્યા હતા. આ બ્રિજ મિડલ ઈસ્ટના સૌથી ઊંચા પુલોમાંથી એક હતો. તેહરાન અને કરજ વચ્ચેના અંતરને ઓછું કરતો આ મહાપુલ હવે ઈતિહાસ બની ગયો છે. આ પુલ માત્ર વાહનોની અવરજવર માટેનો રસ્તો નહોતો, પણ ઈરાનની આર્થિક અને સૈન્ય પ્રવૃત્તિઓ માટે લાઈફલાઈન હતો. આ પુલ તૂટી જવાથી ઈરાનનું આખું ટ્રાન્સપોર્ટ સિસ્ટમ ભારે અસરગ્રસ્ત થયું છે. જાણકારોનું માનવું છે કે આ હુમલાનો મુખ્ય ઉદ્દેશ ઈરાનના લોજિસ્ટિક્સને કાપવાનો છે, જેથી યુદ્ધની સ્થિતિમાં તેની સેના માટે હલનચલન મુશ્કેલ બની જાય. આ હુમલો રાજધાની તેહરાનથી એટલો નજીક થયો છે કે ઈરાનની સુરક્ષા વ્યવસ્થાની પોલ ખુલી ગઈ છે. હવે દુશ્મન સીધા ઈરાનના ઘરમાં ઘૂસીને હુમલા કરી રહ્યા છે. માહિતી મળી રહી છે કે આ હુમલો એટલો જોરદાર હતો કે પુલ ઉડી જતા જ ઈરાનના અનેક મહત્વપૂર્ણ વિસ્તારોમાં વીજળી બંધ થઈ ગઈ અને પાવર ગ્રિડ ઠપ થઈ ગયો. આ કાર્યવાહી ઈરાન માટે મોટું આર્થિક ઝટકો સાબિત થઈ છે, જેના કારણે આખા વિસ્તારમાં મોટા યુદ્ધનો ખતરો વધુ વધી ગયો છે.

# રુપિયામાં ૧૨ વર્ષનો સૌથી મોટો ઉછાળો આવ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારતીય રૂપિયામાં આજે ૨ એપ્રિલ ગુરુવારના દિવસે જોરદાર તેજી જોવા મળી હતી. છેલ્લા ૧૨ વર્ષમાં એક દિવસમાં રૂપિયામાં આવેલો આ સૌથી મોટો ઉછાળો છે.

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) દ્વારા લેવામાં આવેલા તાજેતરના પગલાં અને ડોલરના ભાવમાં આવેલા ઘટાડાને કારણે રૂપિયામાં આ મજબૂતી જોવા મળી છે. શુક્રવારે કારોબાર દરમિયાન રૂપિયો ૧ રુપિયો ૬૫ પૈસા એટલે કે લગભગ ૨.૨૫ ટકા મજબૂત થઈને ૭૧.૨૪ ના સ્તર પર બંધ થયો હતો. સપ્ટેમ્બર ૨૦૧૩ પછી રૂપિયામાં એક દિવસમાં આવેલો આ સૌથી મોટો વધારો છે. અગાઉના ટ્રેડિંગ સેશનમાં રૂપિયો ૭૨.૮૯ ના સ્તર પર બંધ થયો હતો. બજારના નિષ્ણાતોનું કહેવું છે કે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ રૂપિયાને પડતો રોકવા માટે જે રીતે બજારમાં હસ્તક્ષેપ કર્યો, તેની અસર હવે દેખાઈ રહી છે. આ સિવાય વૈશ્વિક બજારમાં ડોલરની નબળાઈ અને ક્રૂડ ઓઈલના ભાવમાં ઘટાડાને કારણે પણ રૂપિયાને ટેકો મળ્યો છે. વિદેશી સંસ્થાકીય રોકાણકારો (FPI) દ્વારા ભારતીય બજારમાં કરવામાં આવેલા રોકાણને કારણે પણ સેન્ટિમેન્ટમાં સુધારો થયો છે. રૂપિયાની સાથે બોન્ડ માર્કેટમાં પણ તેજી જોવા મળી છે. ૧૦ વર્ષના બોન્ડની યીલ્ડ (Yield) માં પણ ઘટાડો નોંધાયો છે.



# તંત્રી લેખ......

## પરસ્પર નિર્ભર ભારત અને ગલ્ફ દેશો

મે ૧૯૮૧ માં, ભારતના વડા પ્રધાન ઈન્દિરા ગાંધીએ સંયુક્ત આરબ અમીરાતના તત્કાલીન રાષ્ટ્રપતિ શેખ ઝાયેદ બિન મોહમ્મદના આમંત્રણ પર આ ગલ્ફ દેશની મુલાકાત લીધી હતી. લગભગ ૪૫ વર્ષ પહેલાં થયેલી આ બેઠકમાં, બંને નેતાઓ સંમત થયા હતા કે ગલ્ફ ક્ષેત્ર અને ભારતની સુરક્ષા અને સુખાકારી એકબીજા સાથે જોડાયેલી છે. સમય જતાં, બંને પ્રદેશોની સુરક્ષા અને એકંદર સુખાકારી એકબીજા પર આધારિત છે તેવી માન્યતા વધુ મજબૂત બની છે. જ્યારે ઈરાન યુદ્ધે સમગ્ર પ્રાદેશિક પરિદૃશ્ય બદલી નાખ્યું છે, ત્યારે આ દૃષ્ટિકોણ વધુ સુસંગત બન્યો છે. અરબી દ્વીપકલ્પ છ મુખ્ય દેશોનું ઘર છેઃ સાઉદી અરેબિયા, કુવૈત, બહેરીન, કતાર, યુએઈ અને ઓમાન. આ પ્રદેશમાં દક્ષિણ એશિયાઈ દેશોમાંથી મોટી સંખ્યામાં વિદેશીઓ વસે છે. ભારતીયો સૌથી મોટી વસ્તી ધરાવે છે, જેની સંખ્યા ૯ મિલિયનથી ૧૦ મિલિયનની વચ્ચે છે. પાકિસ્તાનીઓ અને બાંગ્લાદેશીઓની સંખ્યા પણ ૫ મિલિયનથી વધુ છે. નેપાળ અને શ્રીલંકાના લાખો લોકો પણ અહીં હાજર છે. આ લોકો આ દેશોની અર્થવ્યવસ્થામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે, વ્યાવસાયિક, કારોબારી અને વ્યવસ્થાપક ભૂમિકાઓથી લઈને અર્ધ-કુશળ અને સામાન્ય શ્રમ સુધીની ભૂમિકાઓમાં કામ કરે છે. એવું કહેવું વાજબી રહેશે કે જ્યારે યુરોપિયન વિદેશીઓ પણ ગલ્ફ દેશોમાં રહે છે, ત્યારે તેમનું કામ દક્ષિણ એશિયનો, ખાસ કરીને ભારતીયો વિના શક્ય ન હોત. ભારતીયોની કાર્ય-સંબંધિત કુશળતા અને આત્મવિશ્વાસ તેમને આ દેશોમાં વ્યાપકપણે સ્વીકાર્ય બનાવે છે. ગલ્ફ દેશોને સ્થળાંતર કરનારાઓની એટલી જ જરૂર છે જેટલી તેમને તેમની જરૂર છે, કારણ કે તેઓ તેમના વતન દેશોમાં મોટી રકમ પાછા મોકલે છે. આ નાણાં, જેને રેમિટન્સ કહેવામાં આવે છે, તે આ દેશોની મેક્રોઈકોનોમિક સ્થિરતાને સંતુલિત કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે અને તેમને બાહ્ય આંચકાઓથી સુરક્ષિત રાખે છે. આ નાણાં ભારતના ચાલુ ખાતામાં નોંધપાત્ર ફાળો આપે છે, પરંતુ વર્તમાન પરિસ્થિતિમાં, તે પાકિસ્તાન માટે અસ્તિત્વનો ખતરો ઉભો કરી શકે છે, જે પહેલાથી જ નાજુક અર્થતંત્ર ધરાવે છે. રાજકીય ઉથલપાથલથી પ્રભાવિત બાંગ્લાદેશ માટે પણ રેમિટન્સ વધુને વધુ મહત્વપૂર્ણ બન્યું છે. મેક્રોઈકોનોમિક સ્થિરતા ઉપરાંત, ગલ્ફ દેશોમાં કામ કરતા લોકો દ્વારા મોકલવામાં આવતા રેમિટન્સ તેમના પરિવારો માટે પણ મહત્વપૂર્ણ છે, કારણ કે મોટાભાગના પરિવારોની યોજનાઓ આ રેમિટન્સ પર આધાર રાખે છે. તેમના વિના, તેમના પરિવારોનું ભવિષ્ય જોખમમાં મુકાઈ શકે છે. રેમિટન્સ ઉપરાંત, ગલ્ફ દેશો ભારતની ઊર્જા સુરક્ષા માટે પણ મહત્વપૂર્ણ છે. પાકિસ્તાન અને અન્ય દક્ષિણ એશિયાઈ દેશો માટે તેમનું મહત્વ વધુ છે. આનું કારણ એ છે કે ભારત તેની ક્રૂડ ઓઈલ અને ગેસની જરૂરિયાતોના અડધાથી વધુ આ દેશોમાંથી આયાત કરે છે, પરંતુ તેણે તેની તેલ આયાતને અન્ય સ્ત્રોતો, જેમ કે યુએસ અને યુરોપિયન દેશો તરફ વૈવિધ્યસભર બનાવી છે. આ થોડા વધુ ખર્ચાળ હશે, પરંતુ ઓછામાં ઓછા તે ઉપલબ્ધ રહેશે. હોર્મુઝ સ્ટ્રેટના અવરોધથી દક્ષિણ એશિયાઈ દેશો તેમજ બાકીના વિશ્વની સમસ્યાઓમાં વધારો થયો છે. પાકિસ્તાન માટે સમસ્યા એ છે કે તે સાઉદી અરેબિયા અને યુએઈ પાસેથી ઉધાર પર તેલ મેળવે છે, જે તે અન્ય દેશો પાસેથી મેળવી શકતો નથી. ચુકવણીના કિસ્સામાં આનાથી પહેલાથી જ સંઘર્ષ કરી રહેલા પાકિસ્તાની અર્થતંત્ર પર વધુ ભાર આવશે. ખાતરોના પુરવઠામાં સંભવિત વિક્ષેપથી કૃષિ આધારિત દક્ષિણ એશિયાઈ દેશોની ચિંતાઓ પણ વધી છે. ગલ્ફ દેશો ભારત તેમજ અન્ય દક્ષિણ એશિયાઈ દેશો માટે મહત્વપૂર્ણ છે. ગલ્ફ દેશોમાં ભારતની નિકાસ તેની કુલ નિકાસનો મોટો હિસ્સો ધરાવે છે. ઈરાન યુદ્ધે આને અસર કરી છે. દુબઈ બંદર ઘણા નિકાસ સ્થળો માટે એક ટ્રાન્ઝિટ પોઈન્ટ પણ છે. ગલ્ફ ક્ષેત્ર ભારત સહિત ઘણા દક્ષિણ એશિયાઈ દેશો માટે રોકાણનો એક મહત્વપૂર્ણ સ્ત્રોત પણ છે. ભારતીયો અને અન્ય દક્ષિણ એશિયાઈ લોકોએ પણ ગલ્ફ દેશોમાં ભારે રોકાણ કર્યું છે. આ યુદ્ધે તેમના પર શંકાનો પડછાયો નાખ્યો છે. આ અર્થમાં, બંને પક્ષોના પરસ્પર જોડાયેલા હિતો વિશે દાયકાઓ પહેલા ઈન્દિરા ગાંધી અને શેખ ઝાયેદે જે કહ્યું હતું તે એકદમ સાચું હતું.


# ડેઈલી માર્કેટ રિપોર્ટઃ સોનાના વાયદામાં રૂ.૪૫૦૩ અને ચાંદીના વાયદામાં રૂ.૧૫૭૮૪નો કડાકોઃ ક્રૂડ તેલના વાયદામાં રૂ.૧૦૧૧નો ઉછાળો

### કોમોડિટી વાયદાઓમાં રૂ.૪૧૦૮૧.૭૧ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૧૧૪૫૪૭.૬૪ કરોડનું ટર્નઓવરઃ સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૨૯૭૭૯.૦૬ કરોડનાં કામકાજઃ બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૩૫૬૭૯ પોઈન્ટના સ્તરે

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.૧૫૫૬૨૯.૯૯ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૪૧૦૮૧.૭૧ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.૧૧૪૫૪૭.૬૪ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ એપ્રિલ વાયદો ૩૫૬૭૯ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૩૫૮૦.૪૯ કરોડનું થયું હતું.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૨૯૭૭૯.૦૬ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૪૬૮૩૨ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૪૯૬૯૯ અને નીચામાં રૂ.૧૪૫૬૦૧ના સ્તરને સ્પર્શી, રૂ.૧૫૦૧૦૪ના આગલા બંધ સામે રૂ.૪૫૦૩ ઘટી રૂ.૧૪૫૬૦૧ના સ્તરે પહોંચ્યો હતો. ગોલ્ડ-ગિની એપ્રિલ વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૪૧૩૯ ઘટી રૂ.૧૧૮૨૫૦ થયો હતો. ગોલ્ડ-પેટલ એપ્રિલ વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૫૧૭ ઘટી રૂ.૧૪૮૦૯ થયો હતો. સોનું-મિની એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૫૫૮૮ ઘટી રૂ.૧૪૫૨૩૮ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-ટેન એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૫૧૨૦૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૫૧૨૦૦ અને નીચામાં રૂ.૧૪૬૦૦૦ના મથાળે અથડાઈ, રૂ.૧૫૨૪૪૩ના આગલા બંધ સામે રૂ.૫૦૨૨ ઘટી રૂ.૧૪૭૪૨૧ થયો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી મે વાયદો કિલોદીઠ રૂ.૨૪૨૮૦૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૨૪૨૮૦૦ અને નીચામાં રૂ.૨૨૪૫૦૦ના મથાળે અથડાઈ, રૂ.૨૪૩૫૦૧ના આગલા બંધ સામે રૂ.૧૫૭૮૪ ઘટી રૂ.૨૨૭૭૧૭ના સ્તરે પહોંચ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની એપ્રિલ વાયદો રૂ.૧૫૧૫૭ ઘટી રૂ.૨૩૧૨૮૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદી-માઈક્રો એપ્રિલ વાયદો રૂ.૧૫૨૦૧ ઘટી રૂ.૨૩૧૩૪૯ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. બિનલોહ ધાતુઓમાં રૂ. ૨૩૩૬.૯૬ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું એપ્રિલ વાયદો રૂ.૨૦.૦૫ ઘટી રૂ.૧૧૪૯.૧૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. જસત એપ્રિલ વાયદો રૂ.૪.૨૫ ઘટી રૂ.૩૨૧.૧૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ એપ્રિલ વાયદો રૂ.૪.૮૫ ઘટી રૂ.૩૫૦.૮ના સ્તરે પહોંચ્યો હતો. સીસું એપ્રિલ વાયદો રૂ.૧.૪ ઘટી રૂ.૧૯૬.૧ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એનર્જી સેગમેન્ટમાં રૂ. ૮૮૧૭.૩૨ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી એપ્રિલ વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૫૪૩૯ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૫૫૫૦ અને નીચામાં રૂ.૫૧૮૬ના મથાળે અથડાઈ, રૂ.૨૬૪ ઘટી રૂ.૫૨૧૮ થયો હતો. ક્રૂડ તેલ એપ્રિલ વાયદો બેરલદીઠ રૂ.૯૬૨૩ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૦૨૮૬ અને નીચામાં રૂ.૯૬૨૩ના સ્તરને સ્પર્શી, રૂ.૯૨૫૩ના આગલા બંધ સામે રૂ.૧૦૧૧ વધી રૂ.૧૦૨૬૪ થયો હતો. ક્રૂડ તેલ-મિની એપ્રિલ વાયદો રૂ.૧૦૦૭ વધી રૂ.૧૦૨૬૩ના સ્તરે પહોંચ્યો હતો. નેચરલ ગેસ એપ્રિલ વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૩.૮ વધી રૂ.૨૬૯.૨ થયો હતો. નેચરલ




ગેસ-મિની એપ્રિલ વાયદો રૂ.૩.૬ વધી રૂ.૨૬૯.૧ થયો હતો.

કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ એપ્રિલ વાયદો કિલોદીઠ રૂ.૧૦૪૬ના ભાવે ખૂલી, ૬૦ પૈસા વધી રૂ.૧૦૩૦ થયો હતો. કોટન એપ્રિલ વાયદો રૂ.૪૭૦ વધી રૂ.૨૭૫૦૦ના સ્તરે પહોંચ્યો હતો. એલચી એપ્રિલ વાયદો કિલોદીઠ રૂ.૨૪૨૫ના ભાવે ખૂલી, રૂ.૩૯ વધી રૂ.૨૫૫૦ના સ્તરે પહોંચ્યો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ. ૨૦૫૫૩.૩૩ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ. ૯૨૨૫.૭૩ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ. ૧૫૪૮.૨૯ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ. ૪૮૫.૪૩ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ. ૨૮.૧૬ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ. ૨૭૫.૦૮ કરોડનાં કામકાજ થયાં હતાં.

ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ. ૪૩.૫૮ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ. ૭૨૦૮.૮૮ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ. ૧૫૬૪.૮૫ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૭૭૧૫ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૪૭૫૧૨ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૨૬૮૮૩ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૩૮૧૧૨૩ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૫૨૮૪૧ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૭૩૦૦ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૨૦૦૯૬ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૭૯૫૨૪ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૧૦૪૦ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૨૩૩૫૭ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૩૫૧૭૪ લોટના સ્તરે રહ્યો હતો. ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ એપ્રિલ વાયદો ૩૫૮૨૨ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૩૫૯૪૦ પોઈન્ટના સ્તર અને નીચામાં ૩૫૬૭૯ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૧૦૯૫ પોઈન્ટ ઘટી ૩૫૬૭૯ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો.

કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ એપ્રિલ રૂ.૧૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૫૧૭.૮ વધી રૂ.૧૦૩૦.૪ થયો હતો. જ્યારે નેચરલ ગેસ એપ્રિલ રૂ.૨૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૨ વધી રૂ.૧૫.૨૫ થયો હતો.

સોનું એપ્રિલ રૂ.૧૭૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૨૭૯ ઘટી રૂ.૫૩૩ થયો હતો. આ સામે ચાંદી એપ્રિલ રૂ.૩૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૫૬૨.૫ ઘટી રૂ.૯૯૭.૫ના ભાવે બોલાયો હતો. તાંબું એપ્રિલ રૂ.૧૨૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૩.૩૧ ઘટી રૂ.૧૫.૦૭ થયો હતો. જસત મે રૂ.૩૪૨.૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૩.૫૯ ઘટી રૂ.૧.૧૧ના ભાવે બોલાયો હતો.

મિની કોલ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની એપ્રિલ રૂ.૧૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૫૨૦.૮૫ વધી રૂ.૧૦૪૦.૯૫ થયો હતો. નેચરલ ગેસ-મિની એપ્રિલ રૂ.૨૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૨.૧૫ વધી રૂ.૧૫.૭૫ના ભાવે બોલાયો હતો. સોનું-મિની એપ્રિલ રૂ.૧૬૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૭૬૮.૫ ઘટી રૂ.૧૨૩૪.૫ થયો હતો. ચાંદી-મિની એપ્રિલ રૂ.૩૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૬૦૮.૫ ઘટી રૂ.૧૦૨૪.૫ થયો હતો.

પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ એપ્રિલ રૂ.૯૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૨૯૨ ઘટી રૂ.૩૫૨.૭ થયો હતો. જ્યારે નેચરલ ગેસ એપ્રિલ રૂ.૨૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૧.૬ ઘટી રૂ.૧૬.૨ના ભાવે બોલાયો હતો.

સોનું એપ્રિલ રૂ.૧૨૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૯૩.૫ વધી રૂ.૪૫૭.૫ના ભાવે બોલાયો હતો. આ સામે ચાંદી એપ્રિલ રૂ.૧૫૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૫૩ વધી રૂ.૫૯૯ થયો હતો. તાંબું એપ્રિલ રૂ.૧૧૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૫.૪૧ વધી રૂ.૧૪.૫૨ના ભાવે બોલાયો હતો. જસત એપ્રિલ રૂ.૩૧૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૨૬ પૈસા વધી રૂ.૫.૨૫ થયો હતો.

મિની પુટ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની એપ્રિલ રૂ.૧૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૪૯૬.૯ ઘટી રૂ.૭૭૨.૫ થયો હતો. નેચરલ ગેસ-મિની એપ્રિલ રૂ.૨૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૧.૪ ઘટી રૂ.૧૬.૬ના ભાવે બોલાયો હતો. સોનું-મિની એપ્રિલ રૂ.૧૪૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૬૦૬.૫ વધી રૂ.૩૨૩૨ના ભાવે બોલાયો હતો. ચાંદી-મિની એપ્રિલ રૂ.૨૩૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૬૮૫૨.૫ વધી રૂ.૧૪૨૨૪ના ભાવે બોલાયો હતો.

# ટૂંક સમયમાં DA માં વધારાની જાહેરાત થઈ શકે, પગારમાં થશે ધરખમ વધારો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

કેન્દ્ર સરકારના કર્મચારીઓ અને પેન્શનરો માટે સારા સમાચાર છે. લાંબા સમય સુધી રાહ જોયા પછી હવે એવી અપેક્ષા છે કે આ અઠવાડિયે મોંઘવારી ભથ્થા (DA) માં વધારો જાહેર થઈ શકે છે. જો આવું થાય તો લાખો કર્મચારીઓ અને પેન્શનરોના પગાર અને પેન્શનમાં નોંધપાત્ર વધારો જોવા મળશે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, સરકાર આ વખતે મોંઘવારી ભથ્થામાં આશરે ૩% વધારો કરી શકે છે. આનાથી મોંઘવારી ભથ્થું ૫૮% થી વધીને ૬૧% થશે. અગાઉ, ઓક્ટોબર ૨૦૨૫ માં, DA ૫૫% થી વધારીને ૫૮% કરવામાં આવ્યું હતું, જે ૧ જુલાઈ, ૨૦૨૫ થી અમલમાં આવશે.

DA વધારાના સીધા લાભ કર્મચારીઓના પગારમાં પ્રતિબિંબિત થશે. ઉદાહરણ તરીકે, જો કોઈ કર્મચારીનો મૂળ પગાર રૂ.૫૬,૧૦૦ છે, તો ૫૮% DA પર તેમને રૂ.૩૨,૫૩૮ મળે છે. જો કે, ૬૧% DA સાથે આ વધારો રૂ.૩૪,૨૨૧ થશે. આનો અર્થ એ થાય કે દર મહિને આશરે રૂ.૧,૬૮૩ નો વધારો. વધુમાં, જાન્યુઆરીથી માર્ચ સુધીના ત્રણ મહિનાના બાકી ચૂકવણા પણ ઉમેરવામાં આવશે. પરિણામે, એપ્રિલના પગારમાં આશરે રૂ.૬,૭૩૨ ની વધારાની ચુકવણી થઈ શકે છે. જોકે, આ રકમ દરેક કર્મચારીના મૂળ પગારના આધારે બદલાશે. આ DA વધારાથી દેશભરના આશરે ૪૯ લાખ કેન્દ્ર સરકારી કર્મચારીઓ અને આશરે ૬૮ લાખ પેન્શનરોને ફાયદો થશે. વધતી જતી ફુગાવા વચ્ચે આ રાહત તેમના માટે મહત્વપૂર્ણ માનવામાં આવે છે. મોંઘવારી ભથ્થું એ સરકારી કર્મચારીઓના પગારનો એક ભાગ છે, જે ફુગાવાની અસરને ઘટાડવા માટે આપવામાં આવે છે. તેનો હેતુ કર્મચારીઓની ખરીદ શક્તિ જાળવવાનો છે જેથી તેઓ વધતા ભાવો છતાં તેમના ખર્ચનું સંચાલન કરી શકે.

સરકાર ૮મું પગાર પંચ લાગુ કરવાની પ્રક્રિયામાં પણ છે. જોકે તે ૧ જાન્યુઆરી, ૨૦૨૬ થી અમલમાં આવવાનું હતું, પરંતુ હવે તે ૨૦૨૭ના મધ્ય સુધીમાં લાગુ થવાની અપેક્ષા છે. હાલ માટે, ડીએ માં વધારો કર્મચારીઓ માટે સૌથી મોટી રાહત સાબિત થઈ શકે છે. દેશભરના કેન્દ્રીય કર્મચારીઓ અને પેન્શનરો ૮મા પગાર પંચની રાહ જોઈ રહ્યા છે. દરેકના મનમાં પ્રાથમિક પ્રશ્ન એ છે કે તેમનો પગાર અથવા પેન્શનમાં કેટલો વધારો થશે અને ક્યારે મળશે. પગાર પંચ આ બાબતે કામ કરી રહ્યું છે.

### હૈદરાબાદ, દિલ્હી, બેંગલુરુમાં તપાસ

# બંગાળ કોલસા કૌભાંડઃ તૃણમૂલ સાથે સંકળાયેલી કંપનીમાં EDના દરોડા

### સર્ચ ઓપરેશનમાં I-PACના ડાયરેક્ટર ઋષિરાજ સિંહના બેંગલુરુ સ્થિત નિવાસસ્થાનને પણ નિશાન બનાવાયું છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

પશ્ચિમ બંગાળના કરોડો રૂપિયાના કોલસા કૌભાંડમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) દ્વારા આજે મોટી કાર્યવાહી કરવામાં આવી છે. તપાસ એજન્સીએ જાણીતી રાજકીય સલાહકાર સંસ્થા I-PAC (ઇન્ડિયન પોલિટિકલ એક્શન કમિટી) સાથે જોડાયેલા અનેક સ્થળો પર એકસાથે દરોડા પાડ્યા છે.

હૈદરાબાદ, બેંગલુરુ અને દિલ્હીમાં ચાલી રહેલા આ સર્ચ ઓપરેશનમાં I-PACના ડાયરેક્ટર ઋષિરાજ સિંહના બેંગલુરુ સ્થિત નિવાસસ્થાનને પણ નિશાન બનાવવામાં આવ્યું છે. આ અગાઉ જાન્યુઆરી મહિનામાં EDએ સંસ્થાના કોલકાતા સ્થિત કાર્યાલય અને અન્ય ડાયરેક્ટર પ્રતીક જૈનના નિવાસસ્થાનો પર પણ સર્ચ કર્યું હતું.

આ કેસમાં ત્યારે મોટો વળાંક આવ્યો જ્યારે અગાઉ કરવામાં આવેલા દરોડા દરમિયાન પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી અને તૃણમૂલ કોંગ્રેસના અન્ય નેતાઓ I-PACની સોલ્ટ લેક સ્થિત ઓફિસે પહોંચી ગયા હતા. તપાસ એજન્સી EDએ ગંભીર આક્ષેપ કર્યો છે કે, દરોડાની કાર્યવાહી ચાલુ હતી ત્યારે મુખ્યમંત્રીએ ત્યાંથી મહત્ત્વના દસ્તાવેજો અને ઈલેક્ટ્રોનિક ઉપકરણો જેવા પુરાવાઓ હટાવી દીધા હતા.

આ મામલે હવે કેન્દ્રીય એજન્સીએ હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટના દ્વાર ખખડાવ્યા છે અને CBI પાસે સ્વતંત્ર તપાસ કરાવવાની માંગ કરી છે. EDનું માનવું છે કે રાજ્ય સરકારના કથિત હસ્તક્ષેપને કારણે આ કેસમાં તટસ્થ તપાસ થવી ખૂબ જ જરૂરી છે.

તપાસ એજન્સીનો દાવો છે કે કોલસા કૌભાંડના ગુનામાંથી મેળવેલા આશરે રૂ.૧૦ કરોડ હવાલા માર્ગે I-PACને પહોંચાડવામાં આવ્યા હતા. આ રકમ ૨૦૨૨ની ગોવા વિધાનસભા ચૂંટણીમાં તૃણમૂલ કોંગ્રેસ માટે સંસ્થાએ ભજવેલી ભૂમિકાના બદલામાં ચૂકવવામાં આવી હોવાની આશંકા છે.

ઉલ્લેખનીય છે કે, I-PAC હાલમાં પશ્ચિમ બંગાળની આગામી વિધાનસભા ચૂંટણીઓ માટે મમતા બેનર્જીની વ્યૂહરચના ઘડવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી રહી છે. આ દરોડા બાદ રાજ્યમાં ફરી એકવાર રાજકીય ગરમાવો જોવા મળી રહ્યો છે.

# 'ઓપરેશન સિંદૂર' પર મોટો ખુલાસોઃ દરિયાઈ માર્ગે પાકિસ્તાન પર હુમલો કરવાની હતી ભારતીય નૌસેના

### એડમિરલ ત્રિપાઠીએ જણાવ્યું હતું કે, આપણે દરિયાઈ માર્ગે પાકિસ્તાન પર હુમલો કરવાથી થોડી મિનિટો દૂર હતા

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારતીય નૌકાદળના વડા એડમિરલ દિનેશ કે. ત્રિપાઠીએ ગઈકાલે, બુધવારે જણાવ્યું હતું કે 'ઓપરેશન સિંદૂર' દરમિયાન, ભારતીય નૌકાદળ દરિયાઈ માર્ગે પાકિસ્તાન પર હુમલો કરવાની ખૂબ નજીક પહોંચી ગયું હતું – હુમલો કરવાથી થોડી મિનિટો દૂર – જ્યારે ઈસ્લામાબાદ તરફથી લશ્કરી કાર્યવાહી (કાઈનેટિક એક્શન્સ) રોકવાની વિનંતી મળી. નૌકાદળના વડા ત્રિપાઠી મુંબઈમાં નૌકાદળના સન્માન સમારોહમાં બોલી રહ્યા હતા, જ્યાં તેમણે ગયા વર્ષે એપ્રિલમાં પહેલગામમાં આતંકવાદી હુમલા બાદ શરૂ કરાયેલા 'ઓપરેશન સિંદૂર' દરમિયાન બે વરિષ્ઠ નૌકાદળ અધિકારીઓને તેમની વિશિષ્ટ સેવા માટે 'યુદ્ધ સેવા મેડલ' એનાયત કર્યો. તેમના સંબોધન દરમિયાન, તેમણે ટિપ્પણી કરી કે ઓપરેશન સિંદૂર ભારતીય નૌકાદળની તૈયારી અને સંકલ્પ દર્શાવે છે, કારણ કે તેના એકમોએ ઝડપી તૈનાતી હાથ ધરી હતી અને સમગ્ર ઓપરેશન દરમિયાન ખૂબ જ આક્રમક વલણ જાળવી રાખ્યું હતું. આ ઓપરેશનમાં નૌકાદળની ભૂમિકા અંગે, એડમિરલ ત્રિપાઠીએ જણાવ્યું હતું કે, "હવે એ રહસ્ય નથી રહ્યું કે આપણે દરિયાઈ માર્ગે પાકિસ્તાન પર હુમલો કરવાથી માત્ર થોડી મિનિટો દૂર હતા, જોકે, તે જ સમયે, તેમના તરફથી લશ્કરી કાર્યવાહી બંધ કરવાની રિક્વેસ્ટ મળી હતી."

તેમણે વધુમાં ઉમેર્યું હતું કે ઓપરેશન સિંદૂર દરમિયાન દર્શાવવામાં આવેલી તેની ક્ષમતાઓ દ્વારા, ભારતીય નૌકાદળે રાષ્ટ્રના વિશ્વાસ અને વિશ્વાસને વધુ મજબૂત બનાવ્યો છે.

પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષ પર બોલતા, એડમિરલે નોંધ્યું હતું કે યુએસ, ઈઝરાયલ અને ઈરાન સાથે દુશ્મનાવટ ફાટી નીકળ્યા પછી, આ પ્રદેશમાં ૨૦ થી વધુ વેપારી જહાજો પર હુમલો કરવામાં આવ્યો છે. તેમણે ભાર મૂક્યો હતો કે આ અત્યંત તણાવપૂર્ણ વાતાવરણ વચ્ચે, આશરે ૧,૯૦૦ જહાજો ફસાયેલા છે, અને હોર્મુઝ સ્ટ્રેટ દ્વારા દૈનિક ટ્રાફિકને પણ પ્રતિકૂળ અસર થઈ છે.

યુદ્ધ શરૂ થયા પહેલા, આ મહત્વપૂર્ણ જળમાર્ગ પર દૈનિક ૧૩૦ જહાજોનો ટ્રાફિક જોવા મળતો હતો; આ આંકડો હવે ઘટીને દરરોજ માત્ર ૬ થી ૭ જહાજો થઈ ગયો છે. નૌકાદળના વડાએ વધુમાં જણાવ્યું હતું કે, "વધતા વિભાજન અને સંઘર્ષને કારણે વૈશ્વિક વ્યવસ્થામાં નોંધપાત્ર પરિવર્તન આવ્યું છે, ત્યારે સમુદ્ર હવે ફક્ત ગૌણ યુદ્ધભૂમિ નથી રહ્યા જ્યાં ખંડીય સંઘર્ષો ફેલાય છે. તેના બદલે, તેઓ વધુને વધુ એવા અખાડા બની રહ્યા છે જ્યાં વ્યૂહાત્મક ઈરાદાઓ સંકેત આપે છે અને લડવામાં આવે છે – ઘણીવાર અસમપ્રમાણ પરિણામો આપે છે."

તેમણે નોંધ્યું હતું કે સતત વિકસતી ટેકનોલોજીઓ અને વ્યૂહરચનાઓએ યુદ્ધની યોજના, શરૂઆત અને ટકાઉપણાની રીતને જ ફરીથી આકાર આપ્યો નથી, પરંતુ બિન-પરંપરાગત પડકારોનો સામનો કરવાનું કાર્ય પણ વધુ જટિલ અને અણધારી બનાવ્યું છે. તેમણે ઉમેર્યું હતું કે, એક જ વર્ષમાં, નૌકાદળે ૧૨ જહાજો અને સબમરીન કાર્યરત કરી છે.

# યુએઈએ ઈરાની નાગરિકોના પ્રવેશ પર પ્રતિબંધ લગાવ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ

ઈરાન અને ઈઝરાયેલ-અમેરિકા વચ્ચેના યુધ્ધથી ગલ્ફ દેશો સાથેના ઈરાનના સંબંધો વધુ ખરાબ થયા છે. યુનાઈટેડ આરબ અમિરાત (યુએઈ)એ પોતાના દેશમાં ઈરાની નાગરિકોને પ્રવેશ ઉપર અને યુએઈથી પસાર થવા પર પ્રતિબંધ મુકયો છે. અમીરાતની ત્રણ મુખ્ય એરલાઈન્સ -એમિરેટ્સ, ઈતિહાદ અને ફલાઈ દુબઈએ પોતાની ઓફિશિયલ વેબસાઈટ પર જાહેરાત કરી છે.

આ નવા આદેશ અનુસાર ઈરાની પાસપોર્ટ ધારક યુએઈ આવી શકશે નહી એટલું જ નહી યુએઈના એરપોર્ટનો ઉપયોગ કરીને વિદેશમાં જઈ શકશે નહી.

જો કે જે ઈરાની નાગરિકો યુએઈનો દસ વર્ષનો ગોલ્ડન વીઝા રેસિડન્સી પરમિટ ધરાવે છે તેઓને પરમિશન આપવામાં આવશે.

જો કે યુએઈના અધિકારીઓ દ્વારા આ અંગે કોઈ જ ટિપ્પણી કે સ્પષ્ટીકરણ કરવામાં આવ્યું નથી. આ ક્ષેત્રમાં ચાલતી અસ્થિરતા અને સુરક્ષા ચિંતાઓની ચિંતાઓની વચ્ચે અ પગલું આંતરરાષ્ટ્રીય યાત્રા અને કુટનીતિક સંબંધો પર અસર પડવાની શકયતા છે.


નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા, સંસ્થાના વિકાસલક્ષી સમાચાર, બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.

ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો

બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.
Email : yunushmemon@gmail.com

નવસર્જન સંસ્કૃતિ
નવસર્જન સંસ્કૃતિ
એક શુભેચ્છક



RNI No. GUJGUJ/2016/70752 Printed, Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004
(2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002
and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424. Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA
Regd.Office : B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424 Gujarat,India. Phone : (o) 7698333307 (M) 8485951747,7096333307
Email : navsarjansanskruti2016@gmail.com • navsarjansanskruti2016@yahoo.com • Website : www.navsarjansanskruti.com

### રંગેચંગે શરીર ત્યાગે તે પહેલા જ વિજ્ઞાન જાથાની રેડ

# અમરેલીમાં જીવતા સમાધિનો ફિયાસ્કો થયો

**આ કિસ્સો વાયરલ થતા છેલ્લા ૩-૪ દિવસથી અંધશ્રદ્ધામાં ડૂબેલા લોકોના ટોળેટોળા આ આધેડના દર્શન કરવા અને આશીર્વાદ લેવા ઉમટી પડ્યા હતા**

(સંપૂર્ણ સમાચાર સેવા)અમરેલી

ઢોલરવા ગામમાં એક આધેડે 'જીવતા સમાધિ' લેવાની જાહેરાત કર્યાનો કિસ્સો હાલ ભારે ચકચાર મચાવી રહ્યો છે. ઢોલરવા ગામનાં વૃદ્ધ વ્યક્તિ અરજણભાઈ ખુમાણે એક-બે મહિના પહેલાં શરીરનો ત્યાગ કરી જીવતા સમાધિ લેવાની જાહેરાત કરતા છેલ્લા ૩-૪ દિવસથી લોકો તેમના દર્શન માટે ઉમટી રહ્યા છે, ત્યારે આ કિસ્સા સમાચાર સમગ્ર પંથકમાં વાયુવેગે ફેલાતા અંધશ્રદ્ધા નિવારણ સંસ્થા વિજ્ઞાન જાથા અને પોલીસ તંત્ર સક્રિય બન્યું છે અને આ કિસ્સાને અંધશ્રદ્ધા ગણાવી અરજણભાઈને જીવતા સમાધિ લેતા અટકાવાયા છે.મળતી માહિતી મુજબ, અમરેલી જિલ્લાના ઢોલરવા ગામે વૃદ્ધ અરજણભાઈ રૂડાભાઈ ખુમાણે આજથી એકાદ મહિના પહેલા જાહેરાત કરી હતી કે, તેઓ ૨ એપ્રિલના રોજ સવારે ૯ થી ૧૧ વાગ્યાના શુભ મુહૂર્તમાં 'શરીર ત્યાગ' કરી જીવતા સમાધિ લેશે. તેમણે આ માટે સગા-સંબંધીઓને વિધિવત આમંત્રણ પણ આપ્યું હતું, ત્યારે જેમ જેમ તેમની 'જીવતા સમાધિ' લેવાની તારીખ નજીક આવતા, આ કિસ્સો પંથકમાં ભારે ચર્ચાનું કેન્દ્ર બન્યો હતો.

આ કિસ્સો વાયરલ થતા છેલ્લા ૩-૪ દિવસથી અંધશ્રદ્ધામાં ડૂબેલા લોકોના ટોળેટોળા આ આધેડના દર્શન કરવા અને આશીર્વાદ લેવા ઉમટી પડ્યા હતા. આજે ૨ એપ્રિલે જીવતા સમાધિની તારીખ નજીક આવતા લોકો તેમનું સામૈયું કરી તેમના કંકુ પગલાં પડાવતા હતા અને જાણે કોઈ શુભપ્રસંગ હોય તેમ સ્થાનિકો ઢોલરવા ગામે ઉમટી પડ્યા હતા. જેથી ગામમાં જાણે કોઈ ઉત્સવ હોય તેવો માહોલ સર્જાયો હતો. જોકે આ વાતની જાણ થતા જ વિજ્ઞાન જાથા અને તંત્ર હરકતમાં આવ્યું હતું.

અમરેલીના ઢોલરવા ગામે વૃદ્ધ અરજણભાઈ ખુમાણે જીવતા સમાધિ લેવાના હોવાની વાતની જાણ થતા જ વિજ્ઞાન જાથાએ ઉચ્ચ અધિકારીઓને જાણ કરતા પોલીસ તંત્ર સક્રિય બન્યું હતું. ડો. જયંત પંડ્યાના નેતૃત્વ હેઠળ વિજ્ઞાન જાથાની ટીમ તાત્કાલિક ઢોલરવા ગામે પહોંચી હતી અને સમગ્ર મામલો જાણી આ કિસ્સો અંધશ્રદ્ધાનો હોવાનું કહી આવું ન કરવા અરજણભાઈને સમજાવ્યા હતા. જયંત પંડ્યાએ અરજણભાઈ અને તેમના પરિવારજનોને સમજાવ્યા હતા અને બાદમાં અરજણભાઈએ પણ પોતે માફી માંગી પોતે સમાધિ નહીં લે તેવી બાહેંધરી આપી છે.

સમગ્ર મામલે વિજ્ઞાન જાથાના ડો. જયંત પંડ્યાએ જણાવ્યું કે, ઢોલરવા ગામે અરજણભાઈ ખુમાણે જીવતા સમાધિ લેવાની જાહેરાત કરી હતી તેનો આજે ફિયાસ્કો થયો છે, તેમની આ જાહેરાતથી પરિવારને બેઆબરુ થવું પડ્યું હતું. વિજ્ઞાન જાથાએ તેમને સમજાવ્યા બાદ તેઓએ જાતે પોતાના શબ્દો પાછા ખેંચ્યા છે. આ તદ્દન અંધશ્રદ્ધાભર્યું અવૈજ્ઞાનિક અને નવું તૂત જ શરૂ કર્યું હતું.ડો. જયંત પંડ્યાએ કહ્યું કે, આ કોઈ કમાણીનું ગતકડું હોવાની શંકા પણ આ કિસ્સામાં દર્શાઈ રહી છે. ત્યારે વિજ્ઞાન જાથા એવી અપીલ કરે છે કે, જીવતા સમાધિ લેવી કાનૂની અપરાધ છે.

આવી ઘટનાઓ પોતાની પ્રશસ્તિ તથા નામના મેળવવા માટે થાય છે. જોકે આ કિસ્સામાં અરજણભાઈએ માફી માંગી અને આગામી સમયમાં પણ આવું નહીં કરે તેવી લેખિત બાંહેધરી આપી છે, જેથી આ મામલો હાલ થાળે પડ્યો છે.

### સ્વિચ પાડતા જ થયો પ્રચંડ ધડાકો

# ડિંડોલીમાં ગેરકાયદે ગેસ રિફિલિંગ કરતા પ્રચંડ ધડાકો

**આશાદેવી કાપર અને તેમના ૨ બાળકો સ્મીમેર હોસ્પિટલમાં સારવાર હેઠળ છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત

સુરત શહેરના ડિંડોલી વિસ્તારમાં ગેરકાયદેસર ચાલતા ગેસ રિફિલિંગના કારોબારે વધુ એક નિર્દોષ પરિવારનો ભોગ લીધો છે. ડિંડોલીમાં ગેસ રિફિલિંગ દરમિયાન થયેલા ગેસ લીકેજ અને ત્યારબાદ સર્જાયેલા પ્રચંડ ધડાકામાં બે માસૂમ બાળકો અને તેમની માતા સહિત કુલ ૪ લોકો ગંભીર રીતે દાઝી ગયા છે. આ ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં અરેરાટી વ્યાપી ગઈ છે.

ઘટનાની મળતી માહિતી અનુસાર, ડિંડોલીમાં પવન ખટીક નામનો શખ્સ ગેરકાયદેસર રીતે ગેસ રિફિલિંગનું કામ કરી રહ્યો હતો. આ પ્રક્રિયા દરમિયાન ગેસ લીકેજ થયો હતો. ગેસની ગંધ ફેલાયેલી હોવા છતાં અજાણતામાં જેવી લાઈટની સ્વિચ પાડવામાં આવી, કે તુરંત જ સ્પાર્ક થતા ગેસે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું અને જોરદાર ધડાકા સાથે આગ ફાટી નીકળી હતી.આ દુર્ઘટનામાં રિફિલિંગ કરનાર પવન ખટીક પોતે પણ દાઝ્યો છે, પરંતુ સૌથી વધુ અસર નિર્દોષ પરિવારને થઈ છે.

દાઝી ગયેલા લોકોમાં આશાદેવી કાપર (૩૦ વર્ષ), માધુરી (૭ વર્ષની પુત્રી), દિવ્યાંશ (૩ વર્ષનો પુત્ર) અને પવન ખટીક (આરોપી)નો સમાવેશ થાય છે. માતા અને બંને બાળકોને તાત્કાલિક સારવાર માટે સ્મીમેર હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે, જ્યાં તેમની હાલત નાજુક હોવાનું જાણવા મળ્યું છે. જ્યારે આરોપી પવન ખટીક હાલ ખાનગી હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.

આ કરૂણ ઘટનામાં એક રાહતના સમાચાર એ રહ્યા કે, પરિવારના અન્ય બે બાળકો તે સમયે ઘરે હાજર નહોતા. તેઓ ટ્યુશન ગયા હોવાથી આ ભયાનક દુર્ઘટનાનો ભોગ બનતા બચી ગયા હતા. જો તેઓ ઘરે હોત તો જાનહાનિનો આંકડો વધી શક્યો હોત. ડિંડોલી પોલીસે આ મામલે ગેરકાયદે પ્રવૃત્તિ અને બેદરકારીનો ગુનો નોંધી આરોપી પવન ખટીક સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### માંડવી ધર્મ પરિવર્તન વિવાદ

# સુરતના પાદરી પરિવારની હાઈકોર્ટમાં અરજી

**આ કેસની શરૂઆત ૧૬ મે ૨૦૨૫ના રોજ એક મહિલા દ્વારા ડૉક્ટર અંકિતભાઈ ચૌધરી વિરુદ્ધ નોંધાવવામાં આવેલી FIRથી થઈ હતી**

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત

સુરત જિલ્લાના માંડવીના છ વ્યક્તિ સામે નોંધાયેલી FIR અને તે પછીની કાર્યવાહી રદ કરવાની માગ સાથે ગુજરાત હાઈકોર્ટમાં સ્પેશિયલ ક્રિમિનલ એપ્લિકેશન દાખલ કરવામાં આવી છે. જેમાં એડવોકેટ ઉત્કર્ષ દવે મારફતે દાખલ કરાયેલી આ અરજીમાં અરજદારોએ રજૂઆત કરી છે કે, પરિવારના એક સભ્ય સાથે જોડાયેલા અલગ વિવાદ બાદ તેઓને "વેરભાવ અને પૂર્વઆયોજિત" રીતે ખોટી રીતે ફસાવવામાં આવ્યા છે.

આ કેસની શરૂઆત ૧૬ મે ૨૦૨૫ના રોજ એક મહિલા દ્વારા ડૉક્ટર અંકિતભાઈ ચૌધરી વિરુદ્ધ નોંધાવવામાં આવેલી FIRથી થઈ હતી, જેમાં છેતરપિંડીથી શારીરિક સંબંધ બાંધવા(કલમ ૬૯, BNS) અને ગુનાઈત ધમકી (કલમ ૩૫૧(૩), BNS)ના આરોપો લગાવાયા હતા. મુખ્ય આરોપીને આગોતરા જામીન મળ્યા અને ચાર્જશીટ દાખલ થયા બાદ, પોલીસે ફરિયાદીના પૂરક નિવેદનના આધારે "વધુ તપાસ" શરૂ કરી હતી. આ તપાસને અંતે ડૉક્ટરના પરિવારના સભ્યો, જેમાં તેમના માતા-પિતા, બહેનો અને કૌટુંબિક મિત્રોનો સમાવેશ થાય છે, તેમની સામે ગુજરાત ધર્મ સ્વાતંત્ર્ય અધિનિયમ, ૨૦૦૩ની ગંભીર કલમો ૪(૧), ૪(૨) અને ૪(C)(૧)નો ઉમેરો કરવામાં આવ્યો હતો.

અરજદાર માતા, પિતા, બહેનોની દલીલ છે કે, તપાસ અધિકારીએ અતિઉત્સાહમાં આવીને બે અલગ-અલગ દિશાઓમાં 'એક નિષ્ફળ સંબંધનો આરોપ' અને ત્યારબાદ કરાયેલો 'ધર્મપરિવર્તનનો દાવા'ને એક તપાસમાં ભેગા કરી દીધા છે, જે માત્ર સમગ્ર પરિવારને હેરાન કરવા માટે કરવામાં આવ્યું છે.

મહત્ત્વની વાત એ છે કે, એડવોકેટે ધ્યાન દોર્યું હતું કે આ કાયદાની કલમ ૬ મુજબ જરૂરી એવી જિલ્લા મેજિસ્ટ્રેટની અનિવાર્ય પૂર્વ મંજૂરી મેળવવામાં પ્રોસિક્યુશન નિષ્ફળ રહ્યું છે, જેના કારણે સમગ્ર પ્રક્રિયા કાયદેસર રીતે રદબાતલ ઠરે છે.

અરજીમાં મુખ્યત્વે હાઈકોર્ટને વિનંતી કરવામાં આવી છે કે, આ FIR અને તે સંબંધિત તમામ કાર્યવાહી રદ કરવામાં આવે. જેમાં ૧૨ અને ૧૫ ડિસેમ્બર ૨૦૨૫ના ન્યાયિક આદેશોનો પણ સમાવેશ થાય છે, જેના દ્વારા ધર્મપરિવર્તનના આરોપો ઉમેરવાની મંજૂરી અપાઈ હતી. આ સાથે જ, અરજીનો આખરી નિકાલ ન આવે ત્યાં સુધી માંડવી પોલીસ સ્ટેશન દ્વારા હાથ ધરવામાં આવેલી વધુ તપાસ અને અન્ય કાર્યવાહી પર સ્ટે(રોક) લગાવવાની માગ પણ કરવામાં આવી છે.

ફરિયાદમાં કરવામાં આવેલા આક્ષેપો મુજબ, માંડવીમાં દવાખાનું ચલાવતા ડો. અંકિત રામજીભાઈ ચૌધરી(ઉં.વ. ૩૦)એ પતિની સારવાર માટે આવતી એક મહિલાને કથિત રીતે નિશાન બનાવી હતી. જેમાં એવો આક્ષેપ છે કે, ડૉક્ટરે મહિલાને પ્રેમજાળમાં ફસાવી તેની સાથે શારીરિક સંબંધો બાંધ્યા હતા. ત્યારબાદ તેણે મહિલા સામે એવી શરત મૂકી હોવાનું કહેવાય છે કે જો તે તેના આખા પરિવારનું ધર્મપરિવર્તન કરાવે તો જ તે તેની સાથે લગ્ન કરશે. આ ઘટનાઓ બાદ મહિલાએ ૧૬ મે ૨૦૨૫ના રોજ માંડવી પોલીસ સ્ટેશનમાં ડૉ. અંકિત વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. પોલીસ તપાસ દરમિયાન ડૉ. અંકિતના પિતા રામજીભાઈ ડુબલભાઈ ચૌધરી (ઉં.વ. ૫૬)ની સંડોવણી પણ બહાર આવી હોવાનો દાવો કરાયો છે. એવો દાવો છે કે, રામજીભાઈ પીપલવાડા સરકારી પ્રાથમિક શાળામાં આચાર્ય છે અને ખ્રિસ્તી ધર્મમાં 'પાસ્ટર' તરીકે પણ કાર્યરત છે.

વધુમાં એવો પણ આક્ષેપ છે કે, વર્ષ ૨૦૧૪માં તેમણે 'ધી પ્રે ફોર એવરલાસ્ટિંગ લાઈફ ચેરિટેબલ ટ્રસ્ટ'ની સ્થાપના કરી હતી, જેના તેઓ હાલ પ્રમુખ છે.

### ચોરીની એક અજીબોગરીબ પ્રયાસની ઘટના સામે આવી

# ચોરી કરવા આવેલો શખ્સ CCTVમાં અશ્લીલ હરકત કરતો થયો કેદ

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદના ચાંદખેડા વિસ્તારમાં ચોરીના એક અજીબોગરીબ પ્રયાસની ઘટના સામે આવી છે,

જેના સીસીટીવી ફૂટેજ જોઈને પોલીસ પણ ચોંકી ઉઠી છે. ગત મોડી રાત્રે એક તસ્કર ચોરી કરવાના ઈરાદે સોસાયટીમાં પ્રવેશ્યો હતો, પરંતુ ચોરી કરવાને બદલે તેણે નગ્ન થઈને અશ્લીલ હરકતો કરવાનું શરૂ કર્યું હતું. જોકે, સ્થાનિક રહીશો જાગી જતાં આ તસ્કર નગ્ન હાલતમાં જ ત્યાંથી ભાગી છૂટ્યો હતો.

ચાંદખેડા વિસ્તારની એક સોસાયટીમાં રાત્રિના સમયે તસ્કર ત્રાટક્યો હતો. સીસીટીવી ફૂટેજમાં જોઈ શકાય છે કે, તસ્કર પહેલા સોસાયટીમાં આટાફેરા મારે છે અને ત્યારબાદ અચાનક પોતાના કપડાં ઉતારી નગ્ન થઈ જાય છે. નગ્ન હાલતમાં જ તે ઘરના દરવાજા પાસે અશ્લીલ હરકતો કરવા લાગે છે. આ દરમિયાન સોસાયટીના લોકો જાગી જતાં અને અવાજ થતાં તસ્કર ગભરાઈ ગયો હતો અને પોતાના કપડાં લીધા વગર જ નગ્ન હાલતમાં સોસાયટીની દીવાલ કૂદીને ભાગી ગયો હતો.

આ ઘટના બાદ સ્થાનિકોમાં ભય અને રોષનો માહોલ જોવા મળી રહ્યો છે. રહેવાસીઓએ તાત્કાલિક ચાંદખેડા પોલીસને જાણ કરી સીસીટીવી ફૂટેજ સોંપ્યા છે. પોલીસે અજાણ્યા તસ્કર વિરુદ્ધ ગુનો દાખલ કરી તપાસ તેજ કરી છે. પ્રાથમિક દ્રષ્ટિએ આ કોઈ વિકૃત માનસિકતા ધરાવતો શખ્સ હોવાનું જણાઈ રહ્યું છે. પોલીસ સીસીટીવીના આધારે તસ્કરના રૂટનું ટ્રેકિંગ કરી રહી છે અને તેને ઝડપી પાડવા ચક્ર ગતિમાન કર્યા છે.

### બારેજા ગામમાં એક ચોંકાવનારી ઘટના સામે આવી

# બારેજામાં પ્રેમ પ્રકરણ અને હારના વિવાદે લીધો પરિણીતાનો જીવ

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદના બારેજા ગામમાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. જેમાં એક પરિણીતાએ પ્રેમ પ્રકરણ અને પોતાની સગી બહેને પહેરવા માટે આપેલા સોનાના હારના વિવાદમાં ફસાઈને ઘઉંમાં નાખવાની ઝેરી દવા ગટગટાવીને પોતાનું જીવન ટૂંકાવી દીધું છે. સાસરીયાઓનો ત્રાસ અને પ્રેમીએ આપેલા દગાના કારણે પરિણીતાએ આ પ્રકારનું પગલું ભર્યું હોવાનું જણાય છે. સમગ્ર મામલે પોલીસે ગુનો નોંધીને એક મહિલા સહિત ૪ની ધરપકડ કરી છે.

સમગ્ર મામલે મૃતક મહિલાના બાવળાના ૩૦ વર્ષીય ભાઈએ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદીની નાની બહેનના લગ્ન વર્ષ ૨૦૧૭માં બારેજા ખાતે રહેતા અમિત રમેશભાઈ બેલદાર સાથે થયા હતા. ગત ૮મી માર્ચ, ૨૦૨૬ના રોજ ફરિયાદીને તેના બનેવી અમિતનો ફોન આવ્યો હતો. જેમાં અમિતે જાણવા મળ્યું હતું કે, 'તમારી બહેને ઘરમાં પડેલી ઝેરી દવા પી લીધી છે. તેને બારેજાની ખાનગી હોસ્પિટલ અને ત્યારબાદ વધુ સારવાર માટે અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી, જ્યાં સારવાર દરમિયાન જ તેનું મૃત્યુ નીપજ્યું હતું.'

મળતી માહિતી મુજબ, એક પ્રસંગ દરમિયાન મૃતક મહિલાને તેની મોટી બહેને પહેરવા માટે સોનાનો હાર આપ્યો હતો. પરંતુ બારેજામાં રહેતા સમીર ઉર્ફે ગુડ્ડુ કાદરખાન નામના શખસ સાથે પ્રેમ સંબંધ હોવાથી મૃતકે મહિલાએ આ સોનાનો હાર સમીરને આપી દીધો હતો.

જો કે, આ પછી સમીરે પોતાના ભાઈ મુસ્તુફા મારફતે આ હાર બારેજામાં આવેલી એક જ્વેલર્સની દુકાનમાં ગીરવે મૂકી દીધો હતો. આ દરમિયાન મૃતકે મહિલાએ વારંવાર હાર પરત માંગવા છતાં પ્રેમી સમીરે સોનાનો હાર પાછો આપ્યો ન હતો.

બીજી તરફ, મોટી બહેન સોનાના હારની માંગણી કરી રહી હતી. જેમાં સોનાનો હાર પરત ન આવતા મૃતકના પતિ અમિત અને સાસુ મંજુલાબેન ઉર્ફે ટીનીબેને મૃતક પર હાર પરત લાવી મોટી બહેનને આપી દેવા દબાણ કરીને શારીરિક અને માનસિક ત્રાસ આપવાનું શરૂ કર્યું હતું. એટલું જ નહીં, ઘટનાના દિવસે ઘરની બહાર અમિતે પત્ની સાથે મારઝૂડ કરી હોવાના સીસીટીવી ફૂટેજ પણ સામે આવ્યા હતા.

આમ, એક તરફ પ્રેમી દ્વારા વિશ્વાસઘાત અને બીજી તરફ પતિ-સાસુનો ત્રાસ તેમજ આબરૂ જવાની બીકથી કંટાળીને મૃતકે ઝેરી દવા પી લીધી હતી. સમગ્ર કેસ મામલે પોલીસે મૃતકના પતિ અમિત, સાસુ મંજુલાબેન ઉર્ફે ટીનીબેન અને પ્રેમી સમીર ઉર્ફે ગુડ્ડુ એમ કુલ ૪ લોકોની ધરપકડ કરી કાર્યવાહી હાથ ધરી છે.

### ચાઈનીઝ ગેંગનો વધુ એક સાગરીત ઝડપાયો

# અમદાવાદમાં ક્રિપ્ટો રોકાણના નામે ૫૮ લાખની ઠગાઈ

**પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે નવેમ્બરથી ફેબ્રુઆરી દરમિયાન ઠગ ટોળકીએ ફેસબુક પ્રોફાઈલ દ્વારા ફરિયાદીનો સંપર્ક કરી વિશ્વાસ જીત્યો હતો**

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદના સાબરમતી વિસ્તારમાં ક્રિપ્ટો કરન્સીમાં રોકાણ કરી ઊંચું વળતર મેળવવાની લાલચ આપી એક વ્યક્તિ સાથે ૫૮ લાખ રૂપિયાની છેતરપિંડી આચરનાર આંતરરાષ્ટ્રીય ટોળકીનો સાબરમતી પોલીસે પર્દાફાશ કર્યો છે. પોલીસે ૨૪મીથી ૩૧મી માર્ચ દરમિયાન આ કૌભાંડમાં સંડોવાયેલા કુલ ૬ આરોપીઓની ધરપકડ કરી છે, જેમના કનેક્શન દુબઈ અને કંબોડિયાની ચાઈનીઝ ગેંગ સાથે હોવાનું સામે આવ્યું છે.

પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે નવેમ્બરથી ફેબ્રુઆરી દરમિયાન ઠગ ટોળકીએ ફેસબુક પ્રોફાઈલ દ્વારા ફરિયાદીનો સંપર્ક કરી વિશ્વાસ જીત્યો હતો. ત્યારબાદ 'ક્રિસ્ટલ ઈન્ટીરિયર ડિઝાઈનર પ્રાઈવેટ લિમિટેડ' નામની ડમી કંપનીના બેંક ખાતાઓમાં નાણાં ટ્રાન્સફર કરાવ્યા હતા.

પકડાયેલા આરોપીઓમાં ડમી કંપનીના ડિરેક્ટરો અને બેંક ખાતા તેમજ ઓફિસની વ્યવસ્થા કરી આપનારા શખસોનો સમાવેશ થાય છે.

આ આખા નેટવર્કનો મુખ્ય સૂત્રધાર મૂળ સુરતનો મયુર સાવલિયા હોવાનું ખૂલ્યું છે. મયુર સાવલિયા છેલ્લા ત્રણ-ચાર વર્ષથી વિદેશમાં છે. તે અગાઉ લાઓસ અને કંબોડિયામાં ચાઈનીઝ ગેંગના કોલ સેન્ટરોમાં કામ કરી ચૂક્યો છે અને હાલ દુબઈથી આ નેટવર્ક ચલાવે છે.

પકડાયેલા આરોપીઓ ઓમકાર ભારતી ગોસ્વામી અને સની મગો તેના સતત સંપર્કમાં હતા. આ ટોળકી ભારતના લોકો પાસેથી ડમી બેંક એકાઉન્ટ્સ મેળવી, એકાઉન્ટ હોલ્ડરોને દિલ્હીની હોટલોમાં રોકતી હતી અને ટ્રાન્જેક્શન પર ૫થી ૧૦ ટકા કમિશન મેળવતી હતી.

પોલીસને તપાસ દરમિયાન આ ટોળકીના વ્યવહારોમાં અનેક ચોંકાવનારી વિગતો મળી છે. ડમી કંપનીઓના ખાતામાંથી ૩ કરોડ રૂપિયાથી વધુના વ્યવહારો મળી આવ્યા છે, જેમાં માત્ર એક જ ખાતામાં ૯૩ લાખ રૂપિયાનું ટ્રાન્જેક્શન થયું છે. આ ટોળકી દ્વારા વપરાતા માત્ર ૪ બેંક ખાતા સામે સમગ્ર ભારતમાં અલગ-અલગ સ્થળોએ ૪૧ જેટલી ફરિયાદો નોંધાયેલી છે. જે ફેસબુક આઈડીથી ફરિયાદીને લલચાવવામાં આવ્યા હતા, તે પણ કંબોડિયાથી ઓપરેટ થતું હોવાનું પોલીસ તપાસમાં ખૂલ્યું છે. સાબરમતી પોલીસ હાલ આ નેટવર્કમાં સંડોવાયેલા અન્ય શખસો અને વોન્ટેડ આરોપી મયુર સાવલિયા સુધી પહોંચવા માટે વધુ તપાસ કરી રહી છે. તેમજ આ ટોળકીએ અન્ય કેટલા લોકોના બેંક ખાતાનો દુરુપયોગ કર્યો છે તેની પણ વિગતો એકત્ર કરવામાં આવી રહી છે.

### ૬% વળતરની લાલચ આપી આરોપી ફરાર

# નારણપુરાના વૃદ્ધ સાથે લાખોની ઠગાઈ થઈ

**આરોપી પોતાનું ઘર અને ઓફિસ વેચીને ફરાર થઈ જતા અંતે ભોગ બનનાર વૃદ્ધે પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદ શહેરમાં ઉંચા વળતરની લાલચ આપી નિવૃત્ત નાગરિકોને નિશાન બનાવતી વધુ એક ઘટના સામે આવી છે. નારણપુરા વિસ્તારમાં રહેતા એક ૭૨ વર્ષીય વૃદ્ધને પ્રોપર્ટીમાં રોકાણ કરવા પર દર મહિને ૬ ટકા વળતરની લાલચ આપી એક ઠગે ૧૬.૫૧ લાખ રૂપિયા પડાવી લીધા છે. આરોપી પોતાનું ઘર અને ઓફિસ વેચીને ફરાર થઈ જતા અંતે ભોગ બનનાર વૃદ્ધે પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે.

મળતી માહિતી અનુસાર, નારણપુરામાં રહેતા ૭૨ વર્ષીય સુભાષચંદ્ર મહેતા આ છેતરપિંડીનો ભોગ બન્યા છે. ઓગસ્ટ ૨૦૨૩માં તેમના સાળાના દીકરા મારફતે તેમનો સંપર્ક સિધ્ધાર્થ રાવલ નામના શખસ સાથે થયો હતો. સિધ્ધાર્થે પોતાની 'સિલીકોન રીયલ એસ્ટેટ' કંપનીમાં રોકાણ કરવાની સ્કીમ સમજાવી હતી અને ખોટા એગ્રીમેન્ટ બતાવી વૃદ્ધનો વિશ્વાસ જીત્યો હતો.

વિશ્વાસમાં આવી ગયેલા વૃદ્ધે ૧૨ સપ્ટેમ્બર ૨૦૨૩ના રોજ ૧૧ લાખ રૂપિયાનો ચેક અને બીજા દિવસે ૫.૫૧ લાખ રૂપિયા રોકડા મળી કુલ ૧૬,૫૧,૦૦૦ રૂપિયા આપ્યા હતા. આરોપીએ ખાતરી આપી હતી કે જરૂર પડે ૩૦ દિવસમાં તમામ રૂપિયા પાછા મળી જશે અને દર મહિને ૬% પ્રોફિટ મળશે. શરૂઆતના ૪-૫ મહિના વળતર ચૂકવ્યા બાદ આરોપીએ પૈસા આપવાનું બંધ કરી દીધું હતું. વૃદ્ધ જ્યારે તપાસ કરવા શેલા ખાતેના તેના ઘરે અને ઓફિસે ગયા ત્યારે જાણવા મળ્યું કે આરોપી મકાન વેચીને રાતોરાત ફરાર થઈ ગયો છે.

તપાસ દરમિયાન જાણવા મળ્યું છે કે, ઠગ સિધ્ધાર્થ રાવલે માત્ર સુભાષચંદ્ર જ નહીં, પરંતુ તેમના જેવા અન્ય ઘણાં લોકો સાથે પણ લાખો રૂપિયાની છેતરપિંડી આચરી છે. માર્ચ ૨૦૨૫માં આ હકીકત સામે આવ્યા બાદ વૃદ્ધે હિંમત કરી પોલીસનો સંપર્ક કર્યો હતો. નારણપુરા પોલીસે વિશ્વાસઘાત અને છેતરપિંડીની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી આરોપી સિધ્ધાર્થ રાવલને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

### માન્ય ડિગ્રી વગર મુન્નાભાઈ ચલાવતા હતા દવાખાનું

# સુત્રાપાડામા બોગસ ડોક્ટરની SOG પોલીસે કરી અટકાયત

**આ બાતમીના આધારે પોલીસે ઓચિંતો દરોડો પાડતા ત્યાં એલોપેથીક પ્રેક્ટિસ થતી હોવાનું સામે આવ્યું હતું**

(સંપૂર્ણ સમાચાર સેવા)ગીર સોમનાથ

ગીર સોમનાથ જિલ્લામાં લોકોના આરોગ્ય સાથે ગંભીર ચેડાં કરતા નકલી ડોક્ટરો સામે પોલીસે લાલ આંખ કરી છે. સુત્રાપાડા વિસ્તારમાં માન્ય મેડિકલ ડિગ્રી વગર એલોપેથીક દવાખાનું ચલાવી લોકોની જિંદગી જોખમમાં મૂકનાર એક બોગસ ડોક્ટરને એસ.ઓ.જી. (SOG) અને સુત્રાપાડા પોલીસે સંયુક્ત ઓપરેશન હાથ ધરી ઝડપી પાડ્યો છે. ગીર સોમનાથ એસ.ઓ.જી.ની ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે સુત્રાપાડાના એક વિસ્તારમાં એક શખ્સ કોઈ પણ પ્રકારની અધિકૃત મેડિકલ ડિગ્રી કે પ્રમાણપત્ર વગર ક્લિનિક ખોલીને બેઠો છે અને ગરીબ દર્દીઓની સારવાર કરી રહ્યો છે. આ બાતમીના આધારે પોલીસે ઓચિંતો દરોડો પાડતા ત્યાં એલોપેથીક પ્રેક્ટિસ થતી હોવાનું સામે આવ્યું હતું.

પોલીસની તપાસ દરમિયાન આરોપી પાસેથી કોઈ પણ માન્ય ડિગ્રી મળી આવી નહોતી. પોલીસે ઘટનાસ્થળેથી એલોપેથીક દવાઓ, ઈન્જેક્શન અને તબીબી સાધનો સહિત કુલ રૂા.૭,૮૬૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. લોકોના જીવ સાથે રમત રમનાર આ શખ્સ વિરુદ્ધ સુત્રાપાડા પોલીસ સ્ટેશનમાં મેડિકલ પ્રેક્ટિશનર એક્ટ મુજબ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. પોલીસ હવે એ દિશામાં તપાસ કરી રહી છે કે આ શખ્સ કેટલા સમયથી અહીં પ્રેક્ટિસ કરતો હતો અને તેણે અન્ય કોઈ જગ્યાએ આવા અડ્ડાઓ ચલાવ્યા છે કે કેમ. આ કાર્યવાહીથી પંથકમાં ફફડાટ વ્યાપી ગયો છે.

# કેમ્પ હનુમાન ખાતે ૨૫૧ કિલોની કેક કાપી પવનપુત્રનો જન્મોત્સવ ઉજવાયો

**હનુમાન જયંતિના અવસરે અમદાવાદમાં આવેલ હનુમાન મંદિર જય શ્રી રામ અને જય હનુમાનના નાદથી ગુંજ્યું**

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદ સહિત ગુજરાતમાં આજે ગુરુવારે(૨ એપ્રિલ, ૨૦૨૬) હનુમાન જન્મોત્સવની આસ્થાભેર ઉજવણી કરવામાં આવી. જેમાં અમદાવાદના શાહીબાગ કેમ્પ હનુમાન ખાતે જન્મોત્સવની ઉજવણીમાં ૨૫૧ કિલોની કેક અને આકર્ષક ફૂલોના શણગાર સાથે ભક્તિમય માહોલ સર્જાયો હતો.

હનુમાન જયંતિના પવિત્ર અવસરે અમદાવાદ શહેરમાં આવેલ હનુમાન મંદિર જય શ્રી રામ અને જય હનુમાનના નાદથી ગુંજી ઉઠ્યું હતું. શહેરના તમામ હનુમાન મંદિરોમાં વહેલી સવારથી જ ભક્તોનું ઘોડાપૂર ઉમટ્યું હતું, જેમાં શાહીબાગ સ્થિત સુપ્રસિદ્ધ કેમ્પ હનુમાન મંદિર આસ્થાનું કેન્દ્ર બન્યું હતું. કેમ્પ હનુમાન મંદિર પરિસરને મનમોહક ફૂલોથી શણગારીને અત્યંત ભક્તિમય વાતાવરણ ઉભું કરવામાં આવ્યું હતું. આ વિશેષ પ્રસંગે પવનપુત્રના જન્મોત્સવને યાદગાર બનાવવા માટે ૨૫૧ કિલો માવાની વિશાળ કેક કાપીને અનોખી રીતે ઉજવણી કરવામાં આવી હતી. જેમાં હજારો શ્રદ્ધાળુઓએ દર્શન અને પ્રસાદનો લ્હાવો લઈને ધન્યતા અનુભવી હતી. મંદિરના ટ્રસ્ટી મંડળના સભ્ય સરિતભાઈ ચોક્સીના જણાવ્યા અનુસાર, આ વર્ષે અંદાજે ૭૦ હજારથી ૧ લાખ ભક્તો દર્શન કરે તેવી શક્યતાને પગલે વિશેષ વ્યવસ્થાઓ કરવામાં આવી છે. મંદિરના દ્વાર વહેલી સવારે ૬ વાગ્યાથી ભક્તો માટે ખોલી દેવામાં આવ્યા હતા અને આર્મીની વિશેષ પરવાનગી મેળવીને રાત્રે ૧૨:૧૫ વાગ્યા સુધી દર્શન ચાલુ રાખવાનો નિર્ણય લેવાયો છે. દિવસભરના કાર્યક્રમોમાં સવારે સુંદરકાંડના પાઠ, ૧૦ વાગ્યે મુખ્ય જન્મોત્સવ અને ૧૧ વાગ્યે ધજા પૂજન સંપન્ન થયું હતું. આ ઉપરાંત, સવારથી શરૂ થયેલા મારુતિ યજ્ઞની પૂર્ણાહુતિ સાંજે ૫ વાગ્યે થશે ત્યારબાદ સંધ્યા આરતી યોજાશે. ભક્તો માટે ૧૫ જાર લોકોની ક્ષમતા ધરાવતા ભંડારાનું આયોજન કરાયું છે, જેમાં ૨૫૧ કિલો દૂધના માવાની કેક અને ૨૫૧ કિલો બુંદીનો પ્રસાદ મુખ્ય આકર્ષણ રહ્યા છે.

# બાળકી સાથે અડપલાં કરનાર આરોપીને પાંચ વર્ષની સખ્ત કેદની સજા ફટકારાઇ

(સંપૂર્ણ સમાચાર સેવા)ગાંધીનગર

કલોલ તાલુકાના વડસર ગ્રામ પંચાયત પાસે ૮ વર્ષની બાળકી સાથે શારીરિક અડપલાં અને છેડતી કરનાર મુળ મહેસાણાના આરોપી હસમુખજી ધનાજી ઠાકોરને કલોલના ચોથા એડિશનલ સેસન્સ જજ બી.આર. રાજપુતની કોર્ટે સમાજમાં દાખલો બેસે તેમાટે મહત્ત્વનો ચુકાદો સંભળાવ્યો છે.

આધેડ વયના આરોપીને ગુનેગાર ઠેરવી પાંચ વર્ષની સખ્ત કેદની સજા ફટકારી છે. તેમજ આરોપીને રૂ. ૫૦ હજારનો દંડ અને ભોગ બનનાર બાળકીને રૂ. ૨,૦૦,૦૦૦ વળતર પેટે ચૂકવવાનો આદેશ કર્યો છે.

ન્યાયાધીશ દ્વારા 'ધર્મ એવ હતો હન્તિ ધર્મ રક્ષતિ રક્ષિતઃ' એ શ્લોક ચુકાદાની શરૂઆતમાં ટાંકવામાં આવ્યો હતો. કોર્ટે તેનો મર્મ સમજાવ્યો હતો કે 'જો ધર્મ-ન્યાય-કાયદાનો નાશ થાય તો આપણો પણ નાશ કરે છે, પરંતુ જો ન્યાયનું રક્ષણ કરવામાં આવે તો તે આપણું રક્ષણ કરે છે.' આવા ગંભીર ગુનાઓમાં જો ન્યાય કરવામાં નિષ્ફળતા મળે તો સામાજિક વ્યવસ્થા ખોરવાઈ શકે છે. કોર્ટે આ મુજબનું અવલોકન ચુકાદો આપતા કર્યું હતું.

ચોંકાવનારા કેસની વિગત મુજબ, ૧૪ એપ્રિલ ૨૦૨૧ના રોજ વડસર ગ્રામ પંચાયત પાસે રમતી ૮ વર્ષની બાળકીને આરોપી હસમુખ ઠાકોર શેરડીનો રસ પીવડાવવાની લાલચ આપી બાથરૂમ પાસે લઈ જઈ અડપલા કરી તેની છેડતી કરી હતી. ત્યારે ગભરાઈ ગયેલી બાળકીએ બૂમાબૂમ કરતા લોકો દોડી આવતા આરોપી નાસી છૂટ્યો હતો.

બનાવ અંગે સાંતેજ પોલીસ મથકમાં પોક્સોનો ગુનો દાખલ થયો હતો. આ કેસ અંગે સરકારી વકીલ જીગ્નેશ એચ. જોશીએ ધારદાર દલીલો કરી હતી અને પંચાયતની ઓફિસ બહારના સીસીટીવી ફૂટેજના પુરાવા સાબિત થયા હતા. પેનડ્રાઈવમાં રજૂ કરાયેલા આ ફૂટેજના આધારે સાહેદોએ કોર્ટમાં આરોપીને ઓળખી બતાવ્યો હતો.

જે દલીલો અને પુરાવાને ગ્રાહ રાખી કોર્ટ આરોપી હસમુખજી ધનાજી ઠાકોરને પાંચ વર્ષની કેદ અને ૫૦ હજારનો દંડ ભોગવવા ઉપરાંત પીડિતાને બે લાખનું વળતર ચૂકવવા હુકમ કર્યો છે.

# શું આપણે કોલસા યુગમાં પ્રવેશી રહ્યા છીએ?



કેન્દ્ર સરકાર ધ્વારા કોમર્શિયલ ગેસ સિલિન્ડરમાં એકાએક કરાયેલા ૧૯૫.૫૦ રૂપિયા ના તોતિંગ વધારાને કારણે પરિસ્થિતિ વધુ વિકટ બની જશે. કારણકે તાજેતરમાં જ કોમર્શિયલ ગેસ સિલિન્ડરમાં વધેલા ભાવ વધારા બાદ આ બીજો ભાવ વધારો આવતા હવે કોમર્શિયલ ગેસ સિલિન્ડર મોંઘા બની જતાં કેટલીય હોટલો, રેસ્ટોરન્ટો અને કેટરર્સવાળાના ધંધા પર અસર પડતાં ધંધો બંધ થવાને આરે આવીને ઊભો છે.

ત્યારે કેટલાય હોટલવાળાઓ એ ઉપરોક્ત તસવીરમાં દેખાય છે એમ કોલસાની સગડી વાપરવાનું શરૂ કરી ધંધો ચાલુ રાખ્યો છે. એ સિવાય અન્ય ઘણાએ વિકલ્પ તરીકે ઈલેક્ટ્રીક સગડીનો પણ ઉપયોગ શરૂ કરી ધંધાઓ ચાલુ રાખ્યા છે. એ સિવાય કરે પણ શું?

(તસવીર અને અહેવાલ છગનલાલ મેવાડા)

### નકલી ડૉક્ટરો સામે કાર્યવાહીની લોલીપોપ આપી

# આયુર્વેદિક ડૉક્ટરોના વિરોધ અને આચાર સંહિતા લાગ્યા બાદ જાગી સરકાર

(સંપૂર્ણ સમાચાર સેવા)ગાંધીનગર

રાજ્યમાં ડિગ્રી વગર આયુર્વેદના નામે પ્રેક્ટિસ કરતા નકલી ડૉક્ટરો અને લેભાગુ તત્ત્વો વારંવાર ઉજાગર થઈ રહ્યા છે, પરંતુ સરકાર તેમની સામે ખાસ કોઈ કડક પગલાં લેતી નથી. જેથી હવે આયુર્વેદિક ડૉક્ટરોએ પોતે આવા તત્ત્વો સામે મોરચો માંડ્યો છે. સુરતના કામરેજમાં પ્રદીપ જોટંગીયા જેવા તત્ત્વો દ્વારા આચરવામાં આવતી ગેરરીતિઓ સામે આવી છે, જે બાદ આ મુદ્દો વધુ ગરમાયો છે. વિરોધ ઉગ્ર બનતા આખરે હવે રાજ્ય સરકાર સફાળી જાગી છે. પરંતુ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી જાહેર થતા આચારસંહિતા લાગુ થઈ ગઈ હોવાથી સરકાર આ મુદ્દે હાલ કંઈ કરી શકે તેવી સ્થિતિમાં નથી. જેથી આયુર્વેદિક ડૉક્ટરોને હૈયાધારણાનો ડોઝ આપ્યો છે અને આચારસંહિતા પૂર્ણ થયા બાદ આવા તત્ત્વો સામે કડક કાર્યવાહી તથા કાયદામાં ફેરફાર કરવામાં આવશે તેવી વાત કરી છે. છેલ્લા કેટલાક સમયથી આયુર્વેદના નામે લોકોના જીવ સાથે રમત રમતા લેભાગુ તત્ત્વો સામે ક્વોલિફાઇડ આયુર્વેદિક ડૉક્ટરોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. કામરેજ સ્થિત આશ્રમ ચલાવતા પ્રદીપ જોટંગીયા વિરુદ્ધ ડૉક્ટરોએ લેખિત રજૂઆત કરી છે. નોંધનીય છે કે પ્રદીપ જોટંગીયા અગાઉ નકલી નોટના કેસમાં ઝડપાયા હતા અને હાલ જેલમાં છે, છતાં તેમના આશ્રમમાં મેડિકલ ડિગ્રી વગર સારવાર આપવાના દાવા થઈ રહ્યા છે. શરીરમાં સોય ભોંકવી અને દોરા-ધાગા જેવી સારવારના વીડિયો સામે આવ્યા છે, જેમાં દર્દીઓના મોતના કિસ્સા પણ નોંધાયા હોવાનો આક્ષેપ છે. આયુર્વેદિક ડૉક્ટરોના ઉગ્ર વિરોધ બાદ સરકારે આશ્વાસન તો આપ્યું છે, પરંતુ કાર્યવાહી માટે 'આચારસંહિતા' પૂર્ણ થવાની રાહ જોવાની વાત કરી છે. રાજ્ય આરોગ્યમંત્રી પ્રફુલ પાનશેરીયાએ જણાવ્યું છે કે, "ચૂંટણી આચારસંહિતા અમલી હોવાથી હાલ તપાસ અટકી છે, પરંતુ તે પૂર્ણ થતા જ કડક ડ્રાઈવ શરૂ કરાશે અને બજેટ સત્રમાં કાયદાકીય સુધારા લાવી નકલી ડૉક્ટરો પર સકંજો કસવામાં આવશે." ત્યારે સવાલ એ થાય છે કે આયુર્વેદના નામે ગોરખધંધા ચલાવતા પ્રદીપ જોટંગીયા જેવાના અનેક કિસ્સા સામે આવી ચૂક્યા છે, છતાં હજુ સુધી સરકારે કહેવાતા કડક પગલાં લીધા નથી. અને હવે આચારસંહિતાના બહાને મુદ્દાને ખો આપવાના અને આયુર્વેદિક ડૉક્ટરોને લોલિપોપ આપવાના પ્રયાસ થઈ રહ્યા હોય તેવા આક્ષેપો થઈ રહ્યા છે.

રાજ્યના આરોગ્ય વિભાગે દાવો કર્યો છે કે હવે પછી કોઈપણ લેભાગુ તત્ત્વને ચલાવી લેવામાં આવશે નહીં. જે મુખ્ય ફેરફારોની જાહેરાત કરાઈ છે તેમાં નકલી ડૉક્ટરો સામે આગામી બજેટમાં કડક દંડ અને જેલની જોગવાઈ સાથેનો સુધારો કરવો, તમામ આયુર્વેદિક ડૉક્ટરો માટે રજિસ્ટ્રેશન ફરજિયાત કરવું અને ડિગ્રી વગરના ક્લિનિક્સ સીલ કરવા જેવી જોગવાઈઓ કરાશે. આ સાથે સર્પદંશ જેવી કટોકટીમાં અંધશ્રદ્ધાને બદલે સીધા હોસ્પિટલ પહોંચવાની મંત્રીએ સલાહ આપી છે.

લાંબા સમયથી ચાલતા આ "મોતના ખેલ" સામે જ્યારે પ્રોફેશનલ ડૉક્ટરો રસ્તા પર ઉતર્યા, ત્યારે જઈને તંત્ર હરકતમાં આવ્યું છે. હવે જોવાનું એ રહેશે કે આચારસંહિતા બાદ ખરેખર નકલી ડૉક્ટરો જેલના સળિયા પાછળ જાય છે કે પછી આ માત્ર ચૂંટણી ટાણે આપવામાં આવેલું આશ્વાસન બનીને રહી જાય છે.

# પિકઅપની ટક્કરે ૭ વર્ષના બાળકનું માથું છૂંદાઈ ગયું

(સંપૂર્ણ સમાચાર સેવા)જૂનાગઢ

વિસાવદરમાં હિટ એન્ડ રનની ગંભીર ઘટના સામે આવી છે. સતાધાર રોડ પર એક બોલેરો પિકઅપ વાહન દ્વારા બાળકને અડફેટે લેવાતા ૭ વર્ષીય બાળકનું કમકમાટીભર્યું મોત થયું છે. આ અકસ્મતા એટલો ભયાનક હતો કે તેમાં બાળકના નાથાના ભાગમાંથી મગજ આખું જુદુ પડી હતી અને અને કાળજું કંપાવતા દ્રશ્યો સર્જાયા હતા, ત્યારે અકસ્માત બાદ ચાલક સ્થળ પરથી નાસી ગયો હતો, પરંતુ પોલીસે સીસીટીવીના આધારે આરોપીને ઝડપી લીધો છે, જેથી ઘટનાને પગલે પરિવારમાં શોકનો માહોલ છે અને પરિવાર દ્વારા કડક કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી રહી છે.

એક વ્યક્તિની ઉતાવળ અને બેદરકારીથી ઉપાડ ઝડપે વાહન ચલાવવાના કારણે સાત વર્ષના બાળક ધવલનું હિટ એન્ડ રનની ઘટનામાં મોત નીપજ્યું છે. વિસાવદરના સતાધાર રોડ પર ખોડિયારપરા વિસ્તારમાં બાળકો રમી રહ્યા હતા. તે દરમિયાન પૂરપાટ ઝડપે આવતી બોલેરો પિકઅપ વાહને ૭ વર્ષીય ધવલને અડફેટે લીધો હતો. અકસ્માત એટલો ભયાનક હતો કે બાળકના નાથાના ભાગમાંથી મગજ આખું જુદુ પડી હતી અને અને કાળજું કંપાવતા દ્રશ્યો સર્જાયા હતા. બાળકના માતા-પિતાના જણાવ્યા મુજબ, ધવલ રસ્તાની બાજુમાં રમી રહ્યો હતો ત્યારે અકસ્માત થયો હતો. ટક્કર ગંભીર હોવાને કારણે બાળકને બચાવી શકાયો નહીં. અકસ્માતમાં બાળકને માથાના ભાગે ગંભીર ઈજા થઈ હતી. હોસ્પિટલ લઈ જતાં પહેલા જ બાળકનું મોત થયું હતું. જેથી પરિવાર દ્વારા ચાલકની બેદરકારીને કારણે અકસ્માત થયો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે અને કડક સજા કરવાની માંગ કરવામાં આવી છે.

ઘટના બાદ વિસાવદર પોલીસે તાત્કાલિક તપાસ શરૂ કરી હતી. પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે આરોપીની ઓળખ કરી હતી. કાલસારી ગામના રહેવાસી અને બોલેરો પિકઅપ વાહનના ચાલક સંજય નાગજી ગોહેલને પોલીસે ધરપકડ કરી છે.

આરોપી વિરુદ્ધ BNS અને મોટર વ્હીકલ એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ ઘટનાએ માર્ગ સુરક્ષાના મુદ્દે પ્રશ્નો ઉભા કર્યા છે. બેદરકારીથી વાહન ચલાવવાના કારણે બાળકનું મોત થયું છે. હવે આગળ કાયદેસરની કાર્યવાહી કેવી રીતે થાય છે તે જોવાનું રહેશે. પરિવાર દ્વારા ન્યાયની માંગ કરવામાં આવી રહી છે.

### તપાસમાં અનેક ડેરીઓમાં સપ્લાય થયું હોવાનું ખુલ્યું

# સુરતમાં ધુળેટી પર પકડાયેલું ૧૪૦૦ કિલો પનીર એક મહિને નકલી સાબિત

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત

શહેરના પાંડેસરા વિસ્તારમાં ધુળેટીના તહેવાર પર પકડાયેલા અધધ ૧૪૦૦ કિલો પનીરના શંકાસ્પદ જથ્થા મામલે હાલ ચોંકાવનારો ઘટસ્ફોટ થયો હતો. આ પનીર નકલી હોવાનું શંકા વ્યક્ત કરી તંત્રએ તેને તપાસ માટે લેબમાં મોકલ્યો હતો. જોકે આ કાર્યવાહીના એક મહિના બાદ શંકાસ્પદ પનીરનો હાલ રિપોર્ટ આવ્યો છે. જેમાં ખરેખર આ પનીર નકલી હોવાનું ખુલતા ખડભડાટ મચ્યો છે. ત્યારે SOG પોલીસે આ મામલે એક આરોપીની ધરપકડ કરી વધુ તપાસ શરૂ કરી છે, પરંતુ વારંવાર સુરતમાં નકલી ચીજવસ્તુઓ પકડાવાના કિસ્સાઓ સામે આવતા સુરતવાસીઓ રોષે ભરાયા છે.

વિગતે વાત કરીએ તો, ધુળેટી પહેલા ગત ૩ માર્ચના રોજ સુરત શહેરના પાંડેસરા વિસ્તારમાં આવેલ ભીડભંજન સોસાયટીમાંથી સુરત પોલીસની SOG ટીમ અને મ્યુનિસિપલ કોર્પોરેશનના ફૂડ સેફ્ટી વિભાગે સંયુક્ત કાર્યવાહી કરીને દરોડા પાડ્યા હતા. આ દરમિયાન મહેશકુમાર પૂર્ણાશંકર શર્મા નામનો શખ્સ ત્યાં ગેરકાયદેસર રીતે પનીર બનાવવાનું કારખાનું ચલાવતો હોવાનું ખુલ્યું હતું અને ૧૪૦૦ કિલો પનીર સીલ કરી તેના સેમ્પલ પબ્લિક હેલ્થ લેબોરેટરી ખાતે મોકલવામાં આવ્યા હતા, જેનો રિપોર્ટ આજે આવતા તેમાં આ પનીર ખરેખર નકલી હોવાનું ખુલ્યું છે.

પોલીસે આપેલી માહિતી અનુસાર, અહીં બનાવાતું પનીર દેખાવમાં અસલી જેવું લાગતું હોવા છતાં તેમાં દૂધની જગ્યાએ પામોલિન તેલ, થોડું દૂધ અને મિલ્ક સોલિડ જેવા ઘટકોનો ઉપયોગ કરીને 'એનાલોગ પનીર' તૈયાર કરવામાં આવતું હતું. આ બનાવટમાં ફૂડ ગ્રેડના કેમિકલના બદલે ઈન્ડસ્ટ્રિયલ ગ્રેડ એસિટિક એસિડનો ઉપયોગ થતો હતો, જે સામાન્ય રીતે કારખાનામાં વપરાતું જોખમી કેમિકલ છે.

આ મામલે વધુ માહિતી આપતા ડીસીપી રાજદીપસિંહ નકુમે જણાવ્યું કે, જીંગ્ની તપાસમાં વધુ એક ચોંકાવનારી હકીકત બહાર આવી છે કે, જ્યાંથી આ ૧૪૦૦ કિલો નકલી પનીર પકડાયું છે તે કારખાનું સુરતમાં હોવા છતાં તેનું FSSAI લાઈસન્સ મહારાષ્ટ્રના વસઈના સરનામે નોંધાયેલું હતું. આરોપી મહેશ શર્મા આ લાઈસન્સનો ઢોંગ કરીને વર્ષોથી સુરતમાં ગેરકાયદેસર રીતે પનીરનું ઉત્પાદન કરી બજારમાં સપ્લાય કરતો હતો. તપાસમાં ખુલેલી માહિતી અનુસાર, આરોપી મહેશ શર્માએ અહીં છેલ્લા બે વર્ષથી નકલી પનીર બનાવી પાંડેસરા વિસ્તારમાં છૂટક દુકાનોમાં સપ્લાય કરતો હતો. તે દરરોજ નાની નાની દુકાનોને ૨૨૦ રૂપિયા પ્રતિ કિલોના ભાવે ૪૦૦ કિલો પનીર વેચતો હતો. પ્રાથમિક તપાસમાં તેણે પાંડેસરા વિસ્તારમાં આવેલી ધર્મરાજ ડેરી, ઓમ સાઈ ડેરી, રાધે કૃષ્ણ ડેરી, રાજ્યકમલ ડેરીમાં આ પામોલિન ઓઈલ, દૂધ પાઉડર અને એસિડથી તૈયાર કરેલું નકલી પનીર વેચતો હતો અને લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડા કરતો હતો. આજે આ રિપોર્ટમાં પનીર ખાવા લાયક ન હોવાનું સામે આવ્યું છે. આ પનીરમાં મિલ્ક ફેટનું પ્રમાણ ઓછું અને બીઆર રેટિંગ વધુ હોવાનું તથા વેજ ઓઈલનું પ્રમાણ વધુ હોવાનું સામે આવ્યું છે. વિશેષજ્ઞોના મતે આવા એસિડનો ખોરાકમાં ઉપયોગ કરવાથી માનવ શરીરના પાચનતંત્ર પર ગંભીર અસર પડી શકે છે. લાંબા સમય સુધી આવા પદાર્થોનું સેવન કરવાથી કિડની, પેટ અને અન્ય આંતરિક અંગોને નુકસાન થવાની શક્યતા રહે છે. એટલે કે, આ નકલી પનીર લોકોને ધીમે ધીમે ઝેર આપવા સમાન હોવાનું અધિકારીઓએ જણાવ્યું છે.

### ગુજરાત હાઈકોર્ટનો ઐતિહાસિક ચુકાદો

# અકસ્માત વળતરના અધિકારમાં ભાઈ-બહેનોનો પણ સમાવેશ

### કાયદાના સાંકડા અર્થઘટન પર ન્યાય અને સમાનતાનો વિજય થાય

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

વળતરના કેસોમાં નિર્ભરતા(ડિપેન્ડન્સી)ના વ્યાપને ફરીથી વ્યાખ્યાયિત કરતા એક સીમાચિહ્નરૂપ ચુકાદામાં ગુજરાત હાઈકોર્ટે ઠરાવ્યું છે કે, 'ફેટલ એક્સિડન્ટ એક્ટ, ૧૮૫૫'ની કલમ ૧-A હેઠળ "ભાઈઓ અને બહેનો"ને પણ "પરિવાર"ના ભાગ તરીકે ગણવામાં આવશે. આ ઐતિહાસિક નિર્ણય પ્રથમ વખત ભાઈ-બહેનોની તરફેણમાં આ વ્યાખ્યાનો વિસ્તાર કરે છે, જે સુનિશ્ચિત કરે છે કે કાયદાના સાંકડા અર્થઘટન પર ન્યાય અને સમાનતાનો વિજય થાય.આ કેસ ત્રણ દાયકા જૂની એક દુખદ ઘટના સાથે જોડાયેલો છે, જેમાં શયન પુરોહિત નામના એક અપરિણીત યુવાનનું મૃત્યુ થયું હતું. શયન તેના મિત્ર પાસેથી સ્કૂટરની ચાવી લેવા માટે અગાશી પર ગયો હતો, ત્યારે અચાનક વીજળીનો મોટો ફ્લેશ થયો હતો. અમદાવાદ ઈલેક્ટ્રિસિટી કંપની(AEC) અને ગુજરાત એનર્જી બોર્ડ(GEB)ની ગંભીર બેદરકારીને કારણે શયનને ભારે વીજ કરંટ લાગ્યો અને તેનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું.

પુત્રના મૃત્યુ બાદ શયનની માતાએ ફેટલ એક્સિડન્ટ એક્ટ હેઠળ વળતર માટે દાવો માંડ્યો હતો. જો કે, આ કાનૂની લડાઈ ૩૫ વર્ષ સુધી ચાલી હતી. આ લાંબી પ્રક્રિયા દરમિયાન માતાનું અવસાન થયું, જેના કારણે શયનના ભાઈ અને બહેનોને આ કેસમાં કાયદેસરના પક્ષકાર તરીકે જોડવામાં આવ્યા હતા.

ટ્રાયલ કોર્ટે શરૂઆતમાં વળતર મંજૂર કર્યું હતું, પરંતુ AEC અને GEB બંનેએ હાઈકોર્ટમાં આ આદેશને પડકાર્યો હતો. તેમની મુખ્ય દલીલ એવી હતી કે ૧૮૫૫ના કાયદા હેઠળ માત્ર માતા-પિતા, પત્ની અને બાળકોને જ "આશ્રિત"(ડિપેન્ડન્ટ) ગણવામાં આવે છે, એટલે કે ભાઈ-બહેનો આવું વળતર મેળવવા માટે કોઈ કાનૂની અધિકાર ધરાવતા નથી.

ભાઈ-બહેનો વતી એડવોકેટ સચિન વસાવડાએ "ટેલિઓલોજિકલ એપ્રોચ" (હેતુલક્ષી અભિગમ) માટે દલીલ કરી હતી, જેમાં સૂચવ્યું હતું કે કલ્યાણકારી કાયદાઓનું અર્થઘટન તેના સામાજિક હેતુને પૂર્ણ કરવા માટે થવું જોઈએ. તેમણે દલીલ કરી હતી કે "પરિવાર" શબ્દમાં મૃત વ્યક્તિના ભાઈઓનો પણ સમાવેશ થવો જોઈએ, ખાસ કરીને જ્યારે કેસ 'સ્ટ્રિક્ટ લાયબિલિટી' (કડક જવાબદારી)ના સિદ્ધાંત પર આધારિત હોય.

હાઈકોર્ટે આ દલીલો સાથે સંમતિ દર્શાવી અને GEB તથા AEC દ્વારા દાખલ કરવામાં આવેલી અપીલોને ફગાવી દીધી હતી. કોર્ટે તેના ચુકાદામાં જણાવ્યું હતું કે, ન્યાય સુનિશ્ચિત કરવા માટે ફેટલ એક્સિડન્ટ એક્ટની જોગવાઈઓનું ઉદાર રીતે અર્થઘટન થવું જોઈએ. સિટી સિવિલ કોર્ટના આદેશને બહાલ રાખીને, હાઈકોર્ટે સ્પષ્ટ કર્યું કે મૃતકના ભાઈ-બહેનો તેમની સ્વર્ગસ્થ માતા દ્વારા માંગવામાં આવેલા વળતરના હકદાર છે.

### વડોદરામાં આરોગ્ય વિભાગની ઢીલી કામગીરી

# ઉતરાયણમાં લીધેલા ઊંધિયાના સેમ્પલ હોળી પછી આપ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)વડોદરા

વડોદરામાં આરોગ્ય વિભાગની ઢીલી કામગીરીનું ઉત્તમ નમુનો સામે આવ્યો છે.ઉત્તરાયણ પહેલા લીધેલા ઊંધિયાનો રિપોર્ટ હોળી પછી મળ્યો છે. સત્ય વિજય ફરસાણનું સુરતી ઊંધિયાનો રિપોર્ટ સબ સ્ટાન્ડર્ડ આવ્યો છે.આ સિવાય અન્ય સ્થળની તલ અને શીંગની ચિક્કી પણ સબ સ્ટાન્ડર્ડ હોવાનું આવ્યું સામે આવ્યું છે.શંકાસ્પદ જણાતાં પનીર, દૂધ, ઘી, તેલ અને ચીક્કીના નમૂના લેવામાં આવ્યા હતા.

કારેલીબાગ, સમા-સાવલી રોડ અને ગોત્રી સહિતના વિસ્તારોમાં આવેલી હોટલ-રેસ્ટોરન્ટ, ડેરી યુનિટ અને ઉત્પાદક પેઢી પર તપાસ કરવામાં આવી હતી.લેબોરેટરીના રિપોર્ટમાં કુલ ૨૨ નમૂના 'સબ-સ્ટાન્ડર્ડ' એટલે કે હલકી ગુણવત્તાના હોવાનું બહાર આવ્યા છે. નામાંકિત જગ્યાઓના નમૂના ગાયત્રી ભવન, અગ્રવાલ દૂગ્ધાલય , ગુપ્તા સમોસા સેન્ટર સત્યવિજય ફરસાણ હાઉસઆ તમામ સિવાય અનેક જગ્યાઓના લીધેલા નમૂનાઓ ફેલ થયા છે.રિપોર્ટ આવવાની રાહ જોતા હોવાના કારણે મોડા રિપોર્ટ જાહેર કર્યો હોવાનો બચાવ કર્યો છે. જો આ રિપોર્ટ વહેલઓ આવ્યો હોત તો લોકોએ આ સ્થળેથી ખરીદી કરવાનું ટાળ્યું હોત. પરંતુ તેહવાર પૂર્ણ થયા બાદ લોકોએ મોટી સંખ્યામાં ઊંધિયું સહિત ફરસાણ અને દુધની આઈટમ આરોગ્યા બાદ મહિનાઓ બાદ હલકી ગુણવત્તાનો રિપોર્ટમાં સામે આવ્યો છે.આને લઈ હવે લોકોમાં પણ આક્રોશ જોવા મળી રહ્યો છે.આટલું જ નહી આરોગ્ય વિભાગ પણ પોતાનો બચાવ કરતા જોવા મળ્યું હતુ.રિપોર્ટમાં કુલ ૨૨ નમૂના 'સબ-સ્ટાન્ડર્ડ' સામે આવ્યા છે.

### ગુજરાતમાં જમીન મામલે ઐતિહાસિક નિર્ણય

# હવેથી ૧૦ ગુંઠાથી ઓછો ટુકડો પાડી શકાશે નહીં

### મનપા અને નપા વિસ્તારો 'ટુકડા ધારા'માંથી સંપૂર્ણ મુક્ત

(સંપૂર્ણ સમાચાર સેવા)ગાંધીનગર

રાજ્ય સરકારે ૭૫ વર્ષ જૂના 'ટુકડા ધારા-૧૯૪૭'માં મોટા સુધારા કર્યા છે. હવે સમગ્ર રાજ્યમાં ગ્રામીણ જમીન માટે લઘુત્તમ ૧૦ ગુંઠાનો સમાન નિયમ લાગુ થશે. રાજ્ય સરકારે આઝાદી પછી પ્રથમવાર ૭૫ વર્ષ જૂના 'ટુકડા ધારા-૧૯૪૭'માં ધરખમ સુધારા કરવાની સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. રાજ્યપાલની મંજૂરી મળ્યા બાદ હવે રાષ્ટ્રપતિની મંજૂરી મળતા જ રાજ્યમાં નવા સુધારાઓ લાગુ પડશે. પ્રવક્તા મંત્રી જીતુભાઈ વાઘાણીએ આ ઐતિહાસિક વટહુકમ અંગેની વિગતો આપતા જણાવ્યું હતું કે, આ સુધારાથી રાજ્યના લાખો ખેડૂતો અને જમીન ધારકોને મોટી રાહત મળશે.

રાજ્ય સરકારે ઉદારતા દાખવીને નિર્ણય કર્યો છે કે, વર્ષ ૧૯૪૮થી નવા કાયદાના અમલ સુધીમાં, જે કિસ્સાઓમાં જમીનના નિયમ કરતા નાના ટુકડા પડ્યા હોય અથવા કાયદાનું ઉલ્લંઘન થયું હોય, તેવા તમામ જૂના ભંગને કોઈપણ પ્રકારનો દંડ વસૂલ્યા વગર 'રેગ્યુલાઈઝ' (વિનિયમિત) કરવામાં આવશે. પરંતુ હવે આ તમામ વ્યવહારો આપોઆપ વિનિયમિત થઈ જશે અને કાયદેસર ગણાશે.

અત્યાર સુધી જંત્રીના ૧૦ ટકા પેનલ્ટી ભર્યા પછી પણ વ્યવહાર કાયદેસર થતા ન હતા અને 'ફોક' ગણાતા હતા, પરંતુ હવે આ ક્રાંતિકારી સુધારાથી હજારો 'બોનાફાઈડ' ખરીદદારોના જમીન ટાઈટલ ક્લિયર થશે અને રેવન્યુ કોર્ટમાં ચાલતા વર્ષો જૂના કેસોનો કાયમી નિકાલ આવશે, તેમ મંત્રીએ ઉમેર્યું હતું. મંત્રી વાઘાણીએ કહ્યું હતું કે, અગાઉ રાજ્યના અલગ-અલગ વિસ્તારોમાં પિયત, બિનપિયત, બાગાયત અને જીરાયત જમીન માટે ટુકડાના માપદંડો અલગ-અલગ હોવાથી સામાન્ય ખેડૂત મૂંઝવણમાં રહેતો હતો. હવે આ જટિલતા દૂર કરી સમગ્ર ગુજરાતના ગ્રામીણ વિસ્તારો માટે લઘુત્તમ ક્ષેત્રફળ ૧૦ ગુંઠા નક્કી કરવામાં આવ્યું છે. ખેતીની ગુણવત્તા જાળવી રાખવાના ઉદ્દેશ્ય સાથે નિર્ણય લેવાયો છે કે, હવેથી ૧૦ ગુંઠાથી ઓછો ટુકડો પાડી શકાશે નહીં, જે ખેતીની વાયબિલિટી વધારશે. શહેરીકરણની ઝડપને ધ્યાને રાખીને, મહાનગરપાલિકા, નગરપાલિકા અને શહેરી વિકાસ સત્તામંડળોના વિસ્તારોને આ 'ટુકડા ધારા'માંથી સંપૂર્ણપણે મુક્તિ આપવામાં આવી છે. આ નિર્ણયથી શહેરી વિસ્તારોમાં બિનખેતી (NA)ની પ્રક્રિયા, બાંધકામ અને જમીન લે-વેચના વ્યવહારો અત્યંત ઝડપી અને પારદર્શક બનશે, જેનાથી સર્વાંગી વિકાસને વેગ મળશે, તેમ તેમણે ઉમેર્યું હતું. મંત્રીએ ઉમેર્યું હતું કે, સેટલમેન્ટ કમિશનર બીજલ શાહના અધ્યક્ષપદે રચાયેલી કમિટીના ઊંડાણપૂર્વકના અભ્યાસ બાદ આ ભલામણો સ્વીકારવામાં આવી છે. ડબલ એન્જિન સરકારના આ નિર્ણયથી જનતાના આશીર્વાદ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની સરકારને મળશે. આ નિર્ણયથી ખેડૂતોની આર્થિક ઉન્નતિ થશે અને જમીન સંબંધી વિવાદોમાં જે નાણાં અને સમયનો વ્યય થતો હતો, તેનો કાયમી અંત આવશે, તેમ તેમણે ઉમેર્યું હતું.

### ACB નો સપાટો

# CPWDના આસિસ્ટન્ટ એન્જિનિયર રૂ.૪.૫૨ લાખની લાંચ લેતા રંગેહાથ ઝડપાયા

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

ભ્રષ્ટાચાર સામેની ઝુંબેશમાં ગુજરાત એન્ટી કરપ્શન બ્યુરોને જામનગરમાં મોટી સફળતા મળી છે. જામનગર ખાતે આવેલી ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી કેમ્પસમાં કાર્યરત સી.પી.ડબ્લ્યુ.ડી. (CPWD)ના મદદનીશ ઈજનેર લાખો રૂપિયાની લાંચ લેતા એસીબીની જાળમાં આબાદ ઝડપાઈ ગયા છે. આ કાર્યવાહીને પગલે સરકારી કચેરીઓમાં ફફડાટ વ્યાપી ગયો છે.

ફરિયાદીના મિત્રના બાંધકામ અંગેના બિલ પાસ કરવાના બદલામાં મદદનીશ ઈજનેરે રૂ. ૪.૫૨ લાખની જંગી લાંચની માંગણી કરી હતી. ફરિયાદી આ રકમ આપવા માંગતા ન હોવાથી તેમણે રાજકોટ એસીબીનો સંપર્ક કર્યો હતો. એસીબીની ટીમે આયોજનબદ્ધ રીતે જામનગર આયુર્વેદ યુનિવર્સિટી કેમ્પસમાં આવેલી સી.પી.ડબ્લ્યુ.ડી.ની કચેરીમાં છટકું ગોઠવ્યું હતું.

જ્યારે ફરિયાદી લાંચની રકમ આપવા પહોંચ્યા, ત્યારે એસીબીની ટીમે અધિકારીને રંગેહાથ પકડી પાડ્યા હતા. આશ્ચર્યની વાત એ છે કે, આરોપીએ મોબાઈલ ફોન પર લાંચની રકમ સ્વીકાર્યાની કબૂલાત પણ કરી હતી, જેનો મજબૂત પુરાવો એસીબીને હાથ લાગ્યો છે. રાજકોટ એસીબીની ટીમે આરોપી સામે ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ સફળ ટ્રેપને કારણે લાંચિયા અધિકારીઓમાં ફફડાટ જોવા મળી રહ્યો છે.

# સગીરા પર દુષ્કર્મ ગુજારનાર તૈસીર પઠાણને ૨૦ વર્ષની સખત કેદ

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદ શહેરમાં સગીરાઓ પર વધતા અત્યાચારના કિસ્સાઓ વચ્ચે અમદાવાદની સ્પેશિયલ પોક્સો કોર્ટે એક સીમાચિહ્નરૂપ ચુકાદો આપ્યો છે. રખિયાલ વિસ્તારમાં ૧૫ વર્ષની સગીરા પર દુષ્કર્મ ગુજારવાના કેસમાં કોર્ટે આરોપી તૈસીર પઠાણને દોષિત ઠેરવી ૨૦ વર્ષની સખત કેદની સજા ફટકારી છે. આ સાથે જ કોર્ટે આરોપી પર ૫૦ હજાર રૂપિયાનો દંડ પણ લગાવ્યો છે. આ ઘટના ૨૬ ઓગસ્ટ, ૨૦૨૩ના રોજ બની હતી, જ્યારે રખિયાલ પોલીસ મથકે ૧૫ વર્ષની સગીરા સાથે દુષ્કર્મ થયાની ફરિયાદ નોંધાઈ હતી. આરોપી તૈસીર પઠાણે સગીરાને લલચાવી-ફોસલાવી તેની મરજી વિરૂદ્ધ શારીરિક સંબંધ બાંધ્યા હોવાનો આક્ષેપ હતો. પોલીસે આ મામલે ત્વરિત કાર્યવાહી કરી આરોપીની ધરપકડ કરી હતી અને કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરી હતી.

કેસની સુનાવણી દરમિયાન સરકારી વકીલ દ્વારા ધારદાર દલીલો કરવામાં આવી હતી. કોર્ટે આ કેસમાં કુલ ૧૨ સાક્ષીઓની તપાસ કરી હતી. ૨૫ જેટલા દસ્તાવેજી પુરાવાઓને ધ્યાને લીધા હતા. વૈજ્ઞાનિક અને મેડિકલ પુરાવાઓના આધારે આરોપી સામેનો ગુનો સાબિત થયો હતો. ચુકાદો આપતી વખતે પોક્સો કોર્ટે આરોપીના કૃત્ય પ્રત્યે ભારે નારાજગી વ્યક્ત કરી હતી. કોર્ટે કડક શબ્દોમાં ટીકા કરતા જણાવ્યું હતું કે, દુષ્કર્મના આરોપીઓ સમાજમાં કલંક સમાન છે. આવા કૃત્યોથી સમાજની નૈતિકતા ખરડાય છે અને સગીરાઓના માનસપટલ પર તેની ગંભીર અસરો પડે છે, તેથી આરોપી પ્રત્યે કોઈ પણ પ્રકારની રહેમદિલી દાખવી શકાય નહીં.